## BOV-1

કુલ ગુણ 300 | માધ્યમ ગુજરાતી | સમય: 3 કલાક

### ભાગ -1

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો અલગ આપેલ OMR ઉત્તરપત્રમાં આપવા. (દરેક પ્રશ્નના 2 ગુણ) (50)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

1. નીચે આપેલા રૂઢિપ્રયોગ અને તેના અર્થ તપાસો

1. ઊઠાં ભણાવવાં = આડું-અવળું સમજાવવું

2. અવાજ ઉઠાવવો = વિરોધ કરવો

ઉપર પૈકી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

2. નીચે આપેલા રૂઢિપ્રયોગમાંથી કયા રૂઢિપ્રયોગનો અર્થ સાચો નથી?

(A) ખાતર પાડવું = ચોરી કરવી
(B) હાથ ફેરો કરવો = હાથ ફેરવવો
(C) દાણો ચાંપી જોવો = પ્રયત્ન કરી જોવો
(D) લોહીનું પાણી કરવું = સખત મહેનત કરવી

3. આપેલા રૂઢિપ્રયોગ માટે સાચા અર્થનો વિકલ્પ પસંદ કરો.'બે પાંદડે થવું'

(A) પાંદડાં વગરનું હતું તેમાંથી બે પાંદડાં થવાં
(B) આર્થિક પરિસ્થિતિ સારી થવી
(C) એકમાંથી બે પાંદડાં થવાં
(D) ઘણાં પાંદડાં હતાં તેમાંથી બે પાંદડાં થઇ જવાં

4. 'શરીરનો શામળો વર્ણ'- માટે નીચેનામાંથી કયો શબ્દ ઉચિત છે?

(A) ભીનેવાન
(B) ગૌરવર્ણો
(C) કાળો
(D) ઘઉંવર્ણો

5. 'શબ્દ-સમૂહ માટે એક શબ્દ' બાબતે નીચેનામાંથી કયો સાચો નથી?

(A) ઉપકાર ઉપર અપકાર કરનાર - કૃતઘ્ની
(B) કોઈ પણ સંપ્રદાયના ભેદભાવ વિનાનું - સાંપ્રદાયિક
(C) જેનો કોઈ શત્રુ નથી એવો - અજાતશત્રુ
(D) જેમાંથી વસ્તુ ખૂટે જ નહીં તેવું પાત્ર - અક્ષયપાત્ર

upsc2ias.com
Downloaded from upsc2ias.com

6. 'પદ સમૂહ માટે એક શબ્દ'માં પ્રયોજાતા શબ્દ બાબત નીચેનામાંથી કયો સાચો નથી?
(A) વણતૂટેલા આખા ચોખા- અક્ષત
(B) પહેલા કદી ન બન્યું હોય તેવું - અભૂતપૂર્વ
(C) ઊંચે જવાની ક્રિયા - ઉર્ધ્વગમન
(D) ચુસ્તપણે શિસ્તનું પાલન કરનાર - શિષ્ટાચારી

7. નીચે આપેલાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ ધરાવતું વાક્ય ઓળખાવો.
(A) એ અમદાવાદ પહોંચ્યો.
(B) એનાથી અમદાવાદ પહોંચાયું નહીં.
(C) એ અમદાવાદ પહોંચ્યો જ નહીં.
(D) એ અમદાવાદ મોડો પહોંચ્યો.

8. નીચેનામાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ કઈ વાક્યરચના સાચી છે?
(A) ભાઈ, ભાભી, અને બા મુંબઈથી આવી ગયા છે.
(B) શુદ્ધ ગાયનું દેશી ઘી મળશે.
(C) અનાજના જથ્થાબંધ વહેપારી.
(D) પાનબાઈએ એક ભજન ગાયું અને પછી ધૂન ગાઈ.

9. 'છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં' -માં ગુજરાતી વાક્યરચનાની કઈ લાક્ષણિકતા પ્રગટ થાય છે?
(A) ગુજરાતી વાક્યરચનામાં પદક્રમ બદલવાથી અર્થ પણ બદલાય છે.
(B) ગુજરાતી વાક્યરચનામાં પદક્રમ બદલવાથી અર્થ બદલાતો નથી.
(C) ગુજરાતી વાક્યરચનામાં પદક્રમ સર્વથા નિશ્ચિત હોય છે.
(D) ગુજરાતી વાક્યરચનામાં પદક્રમ ગમે તે રીતનો હોય છે.

10. નીચેનામાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ કઈ વાક્યરચના સાચી છે?
(A) તેણે જવાનું જલદી છે. (B) મગન, મનુ અને મીના ગયાં.
(C) મારા બા આજે ગયા. (D) સારા પુસ્તકો તો સહુ ને ગમશે.

11. નીચેનામાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ કઈ વાક્યરચના સાચી નથી?
(A) મનુ દોડતા પડી ગયો.
(B) અર્જુનનું લક્ષ્ય પક્ષીની આંખ વીંધવાનું હતું.
(C) રાવણના દહાડા ભરાઈ ચૂક્યા હતા.
(D) રમણભાઈ દૂધના હિસાબ માટે ભીંત પર ચાકથી લીટી કરતા

12. નીચેનામાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ કઈ વાક્યરચના સાચી છે?
(A) ઠંડા ગોળાનું પાણી આપો.
(B) તેણે ઘણા ફળ ખાધા.
(C) તેને ગરીબોને સારી મદદ કરી હતી.
(D) બીમાર માણસે મગ જ ખાવા જોઈએ.

upsc2ias.com
Downloaded from upsc2ias.com

13. વામન શબ્દનો વિરોધી શબ્દ જણાવો.

(A) વિશાળ (B) વિરાટ

(C) કદાવર (D) ઊંચો

14. નીચેનામાંથી લાલિત્યવાચક શબ્દ કયો છે?

(A) લખશોજી (B) બોલતો બોલતો

(C) માણસાઈ (D)સમયસર

15. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. એમનાં દર્શન કરવાં તો કેટલાય લોકો ભેગા થયા.

2. એમના દર્શન કરવા તો કેટલાય લોકો ભેગા થયા.

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

16. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે પ્રયત્ન પૂર્વક બોલ્યો.

2. સંજોગોવશાત્ તોફાન શમી ગયું.

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

upsc2ias.com

17. નીચેનામાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય પસંદ કરો.

(A) દરેક બાળકો સારા ગુણથી પાસ થયા.

(B) પ્રત્યેક વ્યક્તિ આ કાર્યક્રમમાં હાજર રહેવાના હતા.

(C) બધા માણસે સત્યને ટેકો આપવો આપવો જોઈએ.

(D) એકેએક વિદ્યાર્થી ઉત્સાહપૂર્વક ભાગ લેતો હતો.

18. નીચેનામાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય પસંદ કરો.

(A) નેતાજી આમરણાંત ઉપહાસ પર બેઠા.

(B) મધ્યકાલીન યુગમાં અનેક યુદ્ધો થયા.

(C) અમદાવાદમાં એલિસબ્રીજ પુલ આવેલો છે.

(D) તેમણે અંજળનો ત્યાગ કર્યો છે.

Downloaded from upsc2ias.com

19. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આદેશને માન આપવું તે દરેકની ફરજ છે.

2. આ દેશને માન આપવું તે દરેકની ફરજ છે.

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

20. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તમે ખેતીમાં શાં અખતરા કર્યા?

2. તમે શા શા કામ કર્યાં?

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

21. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. શું ભાતું લાવ્યા?

2. શું જવાબ આપ્યો?

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

22. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આકાશમાં તારા જોઈએ છે.

2. શાળા ચાલુ હોઈ અવાજ ન કરશો.

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

23. નીચેનામાંથી કઈ જોડણી સાચી નથી?

(A) દીવાસળી (B) દીવાદાંડી

(C) દીવાળી (D) દીપાવલી

24. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?

(A) પરીમલ (B) પરીવાર

(C) પરીચય (D) પરીશ્રમ

upsc2ias.com

Downloaded from upsc2ias.com

25. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સુરત તુજની રડતી સૂરત.

2. સૂરત તુજની રડતી સુરત.

ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

## ભાગ-2
## (વર્ણનાત્મક)

નીચે આપેલા પ્રશ્નોના વર્ણનાત્મક ઉત્તરો ઉત્તરવહીમાં લખવા.

પ્રશ્ન-1 નીચે આપેલા પાંચ પૈકી કોઈ પણ એક વિશે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દોથી વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં નિબંધ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 40

1.1 ભારતીય સંસ્કૃતિ : 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના

1.2 મેં અનુભવેલી વર્ષાની એક સુંદર સાંજ

1.3 સુખનું સરનામું

1.4 જીવન - એક સાધના

1.5 યૌવન એટલે?

પ્રશ્ન-2 નીચેના ત્રણ પૈકી કોઈ પણ બે પંક્તિઓનો આશરે 100થી 150 શબ્દોમાં વિચાર વિસ્તાર કરો

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

2.1 તારું જ ઘર છે, કોઈ શું કરે?

શત્રુઓ ભીતર છે, કોઈ શું કરે?

2.2 . મારી ન્યૂનતા ના નડી તને,

તારી પૂર્ણતા ગૈ અડી મને.

-ઉમાશંકર જોષી

2.3 છે હરણની ફાળ જેવાં ઓરતાં ને ચરણમાં કાચબો પાળ્યો તમે

- કરસનદાસ લુહાર

પ્રશ્ન-3 નીચે આપેલા ગદ્યખંડનો મૂળ વિચાર જળવાઈ રહે તે રીતે આશરે 1/3 ભાગમાં સંક્ષિપ્ત કરો તથા તેને યોગ્ય શીર્ષક આપો. (૨૮૯ શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 25

જીવન એક મહાન અને કઠોર વ્રત છે. આયુષ્યના અંતપર્યંત પહોંચનારી સિપાહીગીરી છે. પોતાની નિર્દોષ જણાતી અભિલાષાઓને પણ દાબી દઈ, પોતાના મનના ક્લેશોને પોતાનામાં જ સમાવી દઈ, રાત અને દિવસ પોતાનું સર્વસ્વ જીવનનાં કર્તવ્ય બજાવવા માટે મૂકપણે હોમી દેવું - જેને પોતાનાં તરીકે માન્યાં તેમનું પણ એ જીવન યજ્ઞમાં બલિદાન કરવું, એ રામચરિત્રનું તાત્પર્ય છે. રામની પિતૃભક્તિમાં, ગુરુભક્તિમાં, પત્નીવ્રતમાં, બંધુપ્રેમમાં, પ્રજાપાલનમાં -જ્યાં જોઈએ ત્યાં રામ એ જીવન યજ્ઞના યજમાન અને વ્રતધારી જણાય છે.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

એમણે કદીએ જીવનને રમતગમતનો અખાડો નથી બનાવ્યો. બે ઘડીનાં ગપ્પાંને એમના સમયપત્રકમાં સ્થાન નથી. એમનાથી કે એમની આગળ, કદી હાંસીમશ્કરી ન થાય. એમના મુખ પરથી ગંભીરતાની છટા ઉતરે જ નહીં. વશિષ્ઠ, કૌશલ્યા, દશરથ અને ગુરુજનો ખરાં, પણ એમની ધાર્મિકતા, ગંભીરતા અને અને દૃઢ નિશ્ચિતતાનો પ્રભાવ એમની ઉપર પણ છાપ પાડ્યા વિના રહે નહીં. કેવી આજ્ઞા કરવી તે એમણે વિચારવું જોઈએ. રામના રોમેરોમમાં મહારાજપદ જબકી ઊઠે છે. એમના દરબારમાં ઊભા રહેનારને પોતા ઉપર અસત્ય, અપવિત્રતા કે અન્યાયનો વહેમ સરખો ન આવે એટલા શુદ્ધ થઈને જ જવું પડે. એ દિવ્ય કસોટી જ ઠરાવે. એમની ન્યાયવૃત્તિ પત્ની કે બંધુ કોઈને જુએ નહીં. એમના હૃદયમાં સ્વજનો માટે અત્યંત પ્રેમ ખરો; એ પ્રેમને લીધે, એ ભક્તને માટે લંકાધીશને મારવાને જેટલાં પુરુષાર્થ અને પરાક્રમ જોઈએ તેમાંથી રતીભાર પણ ઉણપ આવવા દે નહીં, પણ છતાંય પ્રેમને વશ થઈ એ બધું કરે, તેના કરતાં કર્તવ્યની- સત્ત્વરક્ષાની - ભાવનાને વિશેષ પ્રધાન્ય આપતા એ જણાય. એમના અંતરમાં રહેલી ઊંડી પ્રેમની લાગણી ઉપરછલ્લું જોનારને માલુમ ન પડે: અનેક વર્ષના નિકટ સહવાસથી જ એમની પ્રતીતિ થાય. બીજાને તો એ નિષ્પક્ષપાતી, ન્યાયી, ધર્મપ્રિય આંખને આંજી નાખે એવા તેજસ્વી અને કડક શાસ્તા જ લાગે. ઘણા શબ્દોથી કે લાડથી એ પોતાનો પ્રેમ સામાન્ય રીતે વ્યક્ત કરે નહીં. રામ આનંદના આવેશથી અટ્ટહાસ્ય કરતા કવચિત જ સંભળાય, પણ પોતાના આશ્રિતજનોના ન્યાય મનોરથને બહાર પાડીને તથા એમના સર્વ વિઘ્નોને દૂર કરીને જ પોતાના પ્રેમની ખાતરી આપે.

કિશોરલાલ મશરૂવાળા

પ્રશ્ન-4 નીચે આપેલો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 25 |

બે પુરુષાર્થ કરતાં ધર્મની વિશિષ્ટતા એ છે કે - ઉત્તરાવસ્થામાં જ્યારે એ બે પુરુષાર્થો ગૌણતાને યોગ્ય થાય છે ત્યારે ધર્મ આગળ પડી સવિશેષ આદરપાત્ર બને છે. તેમાં ઉત્તરાવસ્થાનો ધર્મ તે પૂર્વાવસ્થાના ધર્મથી તદ્દન ભિન્ન નથી પણ, પૂર્વાવસ્થાનો ધર્મ જ ઉત્તરાવસ્થામાં પરિપાક દશાને પામે છે અને મૃગશિરનો વા વાતાં જેમ કેરી મીઠી બને છે તેમ પ્રભુનાં દ્વાર સમીપ આવતાં ધર્મ કોઈક અનેરી મીઠાશ ધારણ કરે છે. એ અવસ્થામાં અર્થ અને કામ સાથેનો એનો સંબંધ ક્ષીણ થઈ એ શુદ્ધ રૂપે પ્રકાશે છે, અને તે વખતે એ 'સંન્યાસ' નામે ઓળખાય છે, પણ આ સ્થિતિ સામાન્યજનોમાં દુર્લભ છે, તેથી એ સ્થિતિનો વિચાર હવે પછીથી કરવાનો રાખી, પૂર્વાવસ્થામાં ધર્મ જ્યારે અર્થ અને કામ સાથે જોડાયેલો હોય છે તે વખતે એનું શુદ્ધ સ્વરૂપ કેવું હોય છે અને તે બીજા બે પુરુષાર્થ સાથે કેવી રીતે જાતના સંબંધ ધરાવે છે એ વિશે આજે વિચાર કરીશું.

આરંભમાં જ સર નારાયણ ચંદાવરકરે એક ભાષણમાં ટાંકેલો પોતાનો અનુભવ અમને યાદ આવે છે. સર નારાયણ કહે છે, "એક દિવસ રજાના દહાડામાં હું પૂના પાસેના એક ગામ બહાર ફરવા નીકળ્યો હતો. સૂર્યનો લાલ પ્રકાશ ખેતરો ઉપર પથરાયેલો હતો અને સઘળું શાંત હતું. મારી આગળ એક બાઈ આસપાસ ખેતરોમાંથી છાણ લઈ પાસે મૂકેલી ટોપલીમાં ભરતી જતી હતી. એટલામાં મારી પાસે થઈને એક માણસ તથા બે જુવાન છોકરા નીકળ્યા. પહેલા માણસે છોકરાઓને કહ્યું: 'આપણે દુનિયામાં શું કરવું છે? મહેનત કરવી, પેટ ભરવું અને ગુપચુપ બેસી રહેવું.' આ શબ્દો સાંભળીને હું બોલ્યો: 'ભાઈ! આ છોકરાઓને દુનિયાનો આવો હલકો ખ્યાલ કેમ આપો છો.' મહેનત કરવી અને પેટ ભરવું તે સિવાય શું બીજું કાંઈ જ કરવાનું નથી? એણે ઉત્તર દીધો: 'ભગવાનનું સ્મરણ કરવું એ તો ખરું જ તો.' પછી પેલી બાઈ મારી સાથે વાતમાં ભળી અને કહ્યું: 'ભાઈ, ઠીક કહો છો: નહીં તો પરમેશ્વર આપણને

Downloaded from upsc2ias.com

અન્ન કેમ આપે? મેં કહ્યું: 'પણ ભગવાનનું ફક્ત સ્મરણ કરીશું તેથી એ અન્ન કેમ આપશે? પેલી બાઈએ તુરત જવાબ વાળ્યો; 'ભગવાનનું સ્મરણ કરશો તો તમે ચોરી નહીં કરો, જૂઠું નહીં બોલો અને આળસુ પડી નહીં રહો."

ઉપરનો ઉત્તર સાંભળી સર નારાયણનું હૃદય સ્વદેશાભિમાનથી હરખાયુ. કોનું ન હરખાય? છેલ્લા સેન્સસમાં કદાચ આ સઘળા સાદા ખેડૂતજનો 'અભણ'વર્ગોમાં નોંધાયા હશે! પણ ભણેલાઓને પૂછો કે વ્યવહાર અને પરમાર્થનો સંબંધ આ કરતાં વધારે યથાર્થ અને સચોટ રીતે તમે દર્શાવી શકશો?

-આનંદશંકર ધ્રુવ

પ્રશ્નો-

4.1 લેખકના મતે કઈ અવસ્થા સામાન્યજનોમાં દુર્લભ છે?

4.2 પૂર્વાવસ્થાના ધર્મ અને ઉત્તરાવસ્થાના ધર્મ વચ્ચે શો ભેદ દર્શાવ્યો છે?

4.3 જીવનનું ખરું કર્તૃત્વ શું છે? સ્પષ્ટ કરો.

4.4 'છેલ્લા સેન્સસમાં કદાચ આ સઘળા સાદા ખેડૂતજનો 'અભણ'વર્ગોમાં નોંધાયા હશે!' -આ વિધાનનો મર્મ સમજાવો.

4.5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન-5 કોલેજના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓને પ્રામાણિકતા અને નીડરતાના ગુણ કેળવવાની શીખ આપતું ગુજરાતના મુખ્યમંત્રીનું ઉદ્દબોધન આશરે 150 શબ્દોમાં તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

પ્રશ્ન-6 પાંચમી સપ્ટેમ્બર 'શિક્ષકદિન'ના રોજ ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર વિતરણ પ્રસંગે રાજ્યના શિક્ષણમંત્રીનું પ્રચાર માધ્યમો માટે આશરે 100 શબ્દોમાં નિવેદન તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

પ્રશ્ન-7 તમે જોયેલી ભીષણ કુદરતી હોનારત અને એમાં તમે કરેલી બચાવ કામગીરીને વર્ણવતો આશરે 150 શબ્દોંમાં તમારા મિત્રને લખો

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

પ્રશ્ન-8 સમાજમાં જીવનમૂલ્યોના થઇ રહેલા ધોવાણ અંગે વર્તમાનપત્રમાં પ્રકાશિત કરવા સારુ આશરે 150 શબ્દોમાં ચર્ચાપત્ર તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

પ્રશ્ન-9 'ગામ તરફ પાછા વળો' ધ્યાનમાં રાખી તમે અને તમારા મિત્રો પરિવાર સાથે પાંચ દિવસ અંતરિયાળ ગામડામાં રહ્યા, તેનો આશરે 150 શબ્દોમાં અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

પ્રશ્ન-10 લોકમાનસ પર વ્યાપક પ્રભાવ પાડતાં 'સોશિયલ મીડિયા'ની સમાજજીવન પર થયેલ અસર અંગે બે મિત્રો વચ્ચે થયેલા સંવાદનું આશરે 150 શબ્દોમાં આલેખન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

પ્રશ્ન-11 નીચે આપેલા ગદ્યખંડનો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

A yellow bird sings on the jamun tree and makes my morning walk a pleasure. I keep a lookout for the pair of hornbills that sometime drift into my garden. Ten, Rajaji Marg is my adobe after Rashtrapati Bhavan. I am told that it once housed Edwin Latyens, the architect of New Delhi. Time passes like the wind, keeping me busy in teaching and research in India and abroad. The enthusiasm and resolve on the young faces I see in the classroom give me energy too.

The last few years have demonstrated to me the passionate desire of the people to realize the mission of a developed India and their commitment to contribute whatever they can. As I think back and revisit my presidential day some key events come to mind. The events represent the diverse characteristics of this diverse country, with its glorious past and challenging present. But one message is clear : India will be a developed nation by 2020.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# Subject Code : BOV-2

## Medium : English

**Marks : 300** **Time : 3 Hours**

**PART 1**

**Answer the following questions in OMR sheet**

**Choose the correct answer from the given options and darken the circle in the OMR sheet. (30 x 2 = 60)**

1. Which assignment ____ you ____ last week?

(A) do / done

(B) do / did

(C) did / do

(D) did / did

2. I never ______ my temper on purpose, of course, but sometimes I just _____, though I always regret it afterwards.

(A) lose / explode

(B) has lost / exploded

(C) had lost / exploded

(D) have been losing / exploding

3. Text books in Computer Engineering _______ frequently since this area focuses on the actual programmes which _____ in recent years.

(A) should have been revised / implemented

(B) need to be revised / have been implemented

(C) could have revised / implementing

(D) need revising / have implemented

4. The university awarded medals to the students who had excelled in their academic performance. (*Change the voice*)

(A) The students who had excelled in their academic performance had been awarded medals by the university.

(B) The students were awarded medals by the university who had excelled in their academic performance.

(C) The students who had excelled in their academic performance were awarded medals by the university.

(D) The students who had excelled in their academic performance were being awarded medals by the university.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

5. "I am taking my younger sister to the Science City tomorrow," he said, "to watch a 3D film on dinosaurs." (*Change the narration*)

(A) He said that he will take his younger sister to the Science City to watch a 3D film on dinosaurs tomorrow.

(B) He said that he would take his younger sister to the Science City the next day to watch a 3D film on dinosaurs.

(C) He said that he was taking his younger sister to the Science City the next day to watch a 3D film on dinosaurs.

(D) He said that he would take his younger sister to the Science City tomorrow to watch a 3D film on dinosaurs.

6. No one can deny that he is a hardworking student. (*Transform the sentence into an assertive sentence without changing its meaning*)

(A) He is a hardworking student.

(B) Everyone accepts that he is a hardworking student.

(C) Isn't he a hardworking student?

(D) Everyone has denied that he is a hardworking student.

7. I am dissatisfied with the way things are progressing. (*Transform the sentence into a negative sentence without changing its meaning*)

(A) I am not satisfied with the way things are progressing.

(B) Am I to be satisfied with the way things are progressing?

(C) I want to be satisfied with the way things are progressing.

(D) I don't know if I am to be satisfied with the way things are progressing.

8. ____ man always went to ____ same bakery at ______ same time every day and asked for two pieces of ___ cake.

(A) The / the / the / the
(B) A / the / the / no article
(C) The / the / a / a
(D) A / the / the / the

upsc2ias.com

9. ___ weather was rainy and we made ___ bet whether you would come.

(A) The / the
(B) no article / no article
(C) The / a
(D) A / a

10. _____ had I got out of the office _____ I saw the mob moving towards the parking plot.

(A) Hardly / when
(B) Either / or
(C) Not until / but
(D) Whether / or

11. The threat of __________ death due to the continuous consumption of country- made liquor - hooch was widely publicized by an ________ doctor in the area.

(A) imminent / eminent
(B) immanent / imminent
(C) eminent / imminent
(D) eminent / immanent

Downloaded from upsc2ias.com

**Choose the nearest meaning of the underlined word out of the options given below.**

**12.** **The inquiry was ordered to <u>ascertain</u> the actual cause of the plane crash.**

(A) investigate (B) discover

(C) prove (D) determine

**13.** **The reason of politician's failure is often the group of <u>sychophants</u> around him who misguide him.**

(A) critics (B) foppish

(C) non-confirmist (D) flatlerers

**14.** **Select the correct passive voice sentence from the options given below.**

They arrested her on the basis of fake charges, now because of the lack of evidence they exonerated her.

(A) She was arrested on the basis of fake charges, now because of the lack of evidence, she was exonerated.

(B) They arrested her on the basis of fake charges now because of the lack of evidence, they had to exonerate her.

(C) She was exonerated because of the lack of evidence, as they arrested on basis of fake charges.

(D) They arrested her on basis of fake charges, now because of the lack of evidence, she is being exonerated.

**15.** **Select the correct option of indirect narration from the options given below.**

"If you don't keep quiet, I will shoot you." the bank robber said to her in calm voice.

(A) The bank robber told her to shoot if she didn't keep quiet calmly.

(B) The bank robber said calmly that I will shoot you if you don't be quiet.

(C) The bank robber threatened her calmly that he would shoot her if she didn't keep quiet.

(D) Calmly he warned her that be quiet or he will be have to shoot her.

**Select the most appropriate option to combine the pair of sentences properly.**

**16.** **You will not recover fast. Refrain from smoking.**

(A) Unless you recover fast, you will refrain from smoking.

(B) If you will wish to recover fast, you will not refrain from smoking.

(C) Inspite you refrain from smoking, you will not recover fast.

(D) Unless you refrain from smoking, you will not recover fast.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

17. Mohana is very simple. She cannot see through his vicious plans.
(A) Mohana is too simple, to see through his vicious plans.
(B) Mohana is so simple that see could not see through his vicious plans.
(C) Because she cannot see through his vicious plans, Mohana is very simple.
(D) Mohana is very simple but she cannot see through his vicious plans.

18. He is in great troubles. He is cheerful.
(A) Although he is in great troubles, he is cheerful.
(B) Since he is in trouble, he is cheerful.
(C) If he is in great troubles, he is cheerful.
(D) Unless he is in great troubles, he is cheerful.

19. He is short-sighted. Otherwise he is fit for this job.
(A) If he was not short-sighted, he is feet for this job.
(B) Except that he is short-sighted, he is feet for this job.
(C) He is fit for this job although he is short-sighted.
(D) Despite being short-sighted, he is fit for this job.

20. Select the antonymous of the word from the options given below: Obstinate
(A) Inflexible (B) Prominent
(C) Pliable (D) Fashionable

21. Select the antonymous of the word from the options given below:
Exhibit
(A) Conceal (B) Prevent
(C) Withdraw (D) Concede

upsc2ias.com

22. Which sentence is grammatically correct?
(A) My father did many noble works for mankind.
(B) My father had done many nobel works for mankind.
(C) My father performed many noble deeds for mankind.
(D) My father has performed noble tasks for mankind.

23. He ______ music since he was twelve, and by next year, he ______ his hundredth symphony.
(A) has composed, will be completing
(B) has been composing, will have completed
(C) composed, will have completed
(D) is composing, completes

Downloaded from upsc2ias.com

24. If he ______ harder last year, he ______ a scholarship to study abroad.
(A) had worked, would have received
(B) worked, will receive
(C) works, would have received
(D) had worked, would receive

25. I usually ______ jogging at 6 a.m., but lately I ______ more often due to the cold weather.
(A) go, am sleeping
(B) go, sleeps
(C) am going, slept
(D) go, have been sleeping

26. Whenever the teacher ______ him a question, he ______ confidently and ______ his answer with examples.
(A) asks, responds, supports
(B) asked, responded, supporting
(C) asks, responds, has supported
(D) ask, responded, support

27. The book belongs______the library______campus. (to, on, at, in)
(A) at, in
(B) to, in
(C) in, on
(D) to, on

28. They live in ____ huge house near____main road.
(A) a, the
(B) an, a
(C) the, an
(D) no article

29. "Season a sari during she a silk summer in saw showroom."
Find out the correct sentence from the above jumbled sentence.
(A) She saw during summer season a silk sari in showroom
(B) She saw a silk sari in a showroom during summer season
(C) During summer season in showroom she saw a silk sari
(D) A silk sari she saw during summer season in showroom

30. "To go history the I but know want national I it way the to don't museum to"
Find out the correct sentence from the above jumbled sentence:
(A) I don't know the way to go to national history museum
(B) I don't want to go to national history museum but I don't know the way
(C) I want to go to national history museum but I don't know the way to it
(D) Don't I want to go to national museum of history and know the way?

upsc2ias.com
Downloaded from upsc2ias.com

## PART 2

**Q.1.** Write an essay on any ONE of the following in about 500 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules. (80)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 80

1.1 The day the power of love overrules the love of power, the world will know peace.

1.2 There is no limit to learning and living.

1.3 Choices, not the circumstances, make man's life

1.4 Past decides the future.

1.5 Problem or Challenge. What do I see in a situation?

**Q.2.** Write a precis of the following passage in about one-third of its original length. (70)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 70

Inbreeding occurs when close family members reproduce with one another. Species that tend to inbreed usually have little genetic variation, because no new genetic information is introduced to the group. Disease is much more common, and much more deadly, among inbred groups. Inbred species do not have the genetic variation to develop resistance to disease. For this reason, inbred offspring are less likely to survive maturity.

Loss of genetic variation can occur naturally. Cheetahs — a threatened species, native to Africa and Asia—have very little genetic variation. Biologists say that after a mass extinction of large mammals around 12,000 years ago, cheetahs went through a long period of inbreeding. As a result, there are very few genetic differences within cheetah populations. They cannot adapt to changes in the environment as quickly as other animals, and fewer cheetahs survive till maturity. Cheetahs are also much more difficult to breed in captivity than other big cats, such as lions.

upsc2ias.com

Human activity can also cause a loss of genetic variation. For example, as fish consumption worldwide has increased in the last 50 years, overfishing has reduced the population of many animals. The pressure on the fishing industry to catch more and more fish has led to a decrease in the number of healthy adult fish in the wild that can reproduce. This reduced population means there are fewer not closely related breeding pairs. With fewer breeding pairs, genetic variation shrinks. Monoculture, the agricultural method of growing a single crop, can also reduce genetic variation. Modern agribusiness relies on monocultures because it is more efficient than growing a variety of crops. Focusing on a single crop can save time and money, because, for example, the farmer only needs specialized equipment

Downloaded from upsc2ias.com

for one crop. Many of the potatoes cultivated, sold and consumed in the United States are from a single species. The Russet Burbank potato has a longer shelf life than many other potato species, which increases profit for farmers. But potatoes, native to the Andes Mountains of South America, have dozens of natural varieties. The genetic variation of wild potatoes allows them to adapt to climate change and disease. For Russet Burbank potatoes, however, farmers must use fertilizers and pesticides to ensure healthy crops, because the plant is susceptible to disease. (377 Words)

**Q.3.** Read the following passages carefully and answer questions that follow. (70)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 70 |

Dr. Radhakrishnan has the rare qualification of being well-versed in the great tradition of both the East and the West. His early education made him familiar with the knowledge of the East particularly of India, and his own scholarly adventure acquainted him with the wisdom of the West. He combined the two traditions with perfect ease and is able to evolve a philosophy of synthesis.

However, his fundamental convictions are deeply rooted in Indian tradition. The basics of his own philosophy is derived from ancient Indian philosophy particularly from the vedantic tradition, but he has skills of presenting such ideas into idioms and models of western thought. In his works, Radhakrishnan presented the old and traditional ideas in a refreshing manner. C.M. Joad describes Radhakrishnan's metaphysical stand point as the function of a liaison officer. "He seeks to build a bridge between the traditional wisdom of the East and the new knowledge and energy of the West". This statement does contain an element of truth, because Radhakrishnan made persistent efforts to bring about an East-West synthesis. His basic philosophical position is a kind of synthesis of Advaita Vedanta and the philosophy of Absolute Idealism. He takes up the monistic character of the vedantic reality and combines it with some of the important aspects of absolute idealism. Like a Vedantin, he believes that the reality is one, like an absolute idealist he shows that everything is a necessary aspect of one. Consequently, one finds it difficult to reduce his philosophy to any of the current metaphysical models. It can broadly be described as a philosophy of monistic idealism. It is monistic because reality is conceived as one, and it can be also called idealism for the reason that it emphasizes upon both 'idea-ism' and 'ideal-ism'. The former (idea-ism) means that reality is of the nature of an idea, that it is mental or spiritual. 'Ideal-ism', on the other hand, emphasizes the ultimacy and value of some ideal. Radhakrishnan is an idealist in both of these two senses. He is an idealist in the first sense because he conceives the ultimate reality as spiritual. He is an idealist, more particularly in the second sense because he is convinced that the world process is serving

upsc2ias.com

Downloaded from upsc2ias.com

some purpose, is steadily trying to reach some goal. He seems to have the feeling that the scientific and technological advancement have made life's ways mechanical and that the materialistic competitions have almost leveled that soul of human kind to sleep. Therefore, he thinks that what is required is a reawakening of the soul, a recovery of the spiritual faith. His philosophy, thus, is nothing but an attempt to illustrate that the ultimate nature of the universe is spiritual, and that unless the spiritual sense is awakened, man's life will remain confused, a life of anguish and evil. On account of such a tremendous emphasis on the ultimate spirituality of everything, Radhakrishnan at times appears to be a mystic. However, his mysticism is mysticism only to the extent to which idealistic thought of the monistic variety tends towards it.

Questions : (7 x 10 = 70 marks)

I. How was Dr. Radhakrishnan able to evolve a philosophy of synthesis?

II. How Radhakrishnan presented the old and traditional ideas in his works?

III. Why does the passage say that the statement of C.M. Joad does not contain an element of truth?

IV. Why is it difficult to reduce the philosophy of Radhakrishnan to any of the current metaphysical models?

V. Explain Radhakrishnan with reference to 'idea-ism' and 'ideal-ism'?

VI. Explain the philosophy of life according to Radhakrishnan according to this passage.

VII. Give an appropriate title to the passage.

**Q.4.** **Translate the following passage from Gujarati into English. (20)**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

વિવેકાનંદ બાળપણથી જ બહુ તોફાની હતા. તેમનું મસ્તક પાણીમાં ડૂબાડવામાં આવે ત્યારે જ તેઓ શાંત થતા હતા. સાધુઓ પ્રત્યેનો વિવેકાનંદનો મોહ એટલો જોરદાર હતો કે સાધુઓનો અવાજ સાંભળવાની સાથે જ તેમને ઓરડામાં પૂરી દેવામાં આવતા હતા અને સાધુઓ ચાલ્યા જાય પછી જ તેમને ઓરડામાંથી બહાર કાઢવામાં આવતા હતા. તેઓ બાળપણથી જ સન્યાસી બનવા ઇચ્છતા હતા. જે વયે અન્ય બાળકો અક્ષરોને ઓળખવાનું શરૂ કરતા હોય છે એ ઉંમરે વિવેકાનંદે લખવા-વાંચવાનું શરૂ કરી દીધું હતું. તેમની યાદશક્તિ ગજબની હતી. એક વખત કોઈ પુસ્તક વાંચી લે એટલે આખું પુસ્તક તેમને યાદ રહી જતું હતું. તેમણે મહાન ઉસ્તાદો પાસે સંગીતની પદ્ધતિસરની તાલીમ લીધી હતી અને તબલા તથા સિતાર જેવાં વાદ્યો બહુ કુશળતાથી વગાડી શકતા હતા. જોકે, તેમને સૌથી વધુ રસ શાસ્ત્રીય ગાયનમાં હતો. તેમનું ગાયન જ તેમને તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસની નજીક લઈ ગયું હતું. રામકૃષ્ણ પરમહંસ વિવેકાનંદના ગાયનથી એટલા પ્રભાવિત થયા હતા કે એક દિવસ તેમનું ગાયન સાંભળતા-સાંભળતા જ સમાધિ અવસ્થામાં ચાલ્યા ગયા હતા.

Downloaded from upsc2ias.com

BOV-3 1

# વિષયકોડ – BOV-3

કુલ ગુણ : 250 સમય: ત્રણ કલાક

નીચે આપેલા બે વિભાગો 'અ' અને 'બ'માં દર્શાવેલા વિષયો પૈકી દરેક વિભાગમાં કોઇપણ એક વિષય પર 1000 થી 1200 શબ્દોમાં નિબંધ લખો. સ્પર્ધકે બે નિબંધો લખવાના છે, જે બન્નેના ગુણ સરખા છે.

ઉત્તર આપતી વેળા ધ્યાનમાં રાખવું કે અહીં સ્પર્ધકની માહિતી વિષયક જાણકારી ચકાસવાનો આશય નથી. પરંતુ તેની મૌલિકતા, તર્કશીલ અને મુદ્દાસર વિચારો અભિવ્યક્ત કરવાની આવડત, સુઘડ અને ક્રમબદ્ધ સુગ્રથિત રીતે રજૂ કરવાની ક્ષમતા નાણવાનો આશય છે.

Write an essay in 1000 to 1200 words from the following options given in two sections. Candidate has to write two essays, one from each of the sections.

It should be borne in mind while answering that the purpose herein isn't to evaluate the information ability of the candidate. Instead, the aim is to assess the ability to compose well-argued piece of writing, ability to express thoughts coherently, sequentially and originally.

## વિભાગ અ

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 125 |

1. "રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણનો પાયો નાગરિક ચારિત્ર્ય ઘડતરમાં રહેલો છે અને તે ઉપરથી નીચે સુધી બધાંની નૈતિકતા, ધીરજ, ખંત અને અત્યંત પરિશ્રમ માગી લેતું મહાભિયાન છે."

"The foundation of national character lies in the building of citizen's character and that is a mammoth task that demands probity, patience, perseverance and hard work from the top to the bottom."

2. જીવન અને સમય વિશ્વના બે મહાન ગુરુ છે. જીવન આપણને સમયનો સદ્ઉપયોગ શીખવે છે અને સમય આપણને જીવનનું મૂલ્ય કરતાં શીખવે છે.

Life and time are world's best teachers. Life teaches us to make good use of time and time teaches the value of life".

3. જનસેવામાં સફળતા માટેનાં ત્રણ આવશ્યક મૂલ્યો છે- અનામિત્વ, કાર્યકુશળતા અને સાદગી.

Anonymity, Ability and Austerity are the three essential values for successful Civil Service.

4. કર્મયોગી માટે સફળતાનાં બે રહસ્ય- કાર્યકુશળતા અને સમતા.

Two mantras for the success of a Karmayogi-Ability and Equanimity.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

## વિભાગ બ

1. “સ્નેહ ને સ્વાર્થ રહે કદી ના સંગ, એક જો આવે તો જાય બીજું ખચિત”.

“Love and selfishness can’t stay together, if one comes, surely goes the other.”

2. “તારા કાને રે સંકટ કોઇ સંભળાવે રે, બને તો થોડું કાપજે રે જી! માનવીની પાસે કોઇ, માનવી ન આવે રે, તારા દિવસની પાસે, દુખીયાં આવે રે! આવકારો મીઠો આપજે રે જી!”

“If someone approaches you in his crisis, cure a little if you can! No man comes to man, it is your day that draws the man in distress! Welcome with sweet words!”

3. "અધોળ આચરણ મણ ઉપદેશ કરતાં મૂલ્યવાન છે."

"An ounce of practice is worth more than tons of preaching."

4. "વધુ પડતું સાવધ રહેવું તે સૌથી મોટું જોખમ છે."

"The policy of being too cautious is the greatest risks of all."

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 125

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષયકોડ – BOV-4

## (Main Exam- Descriptive)

(મુખ્ય પરીક્ષા- વર્ણનાત્મક)

Total Marks : 250 Time : 3 hours

કુલ ગુણ : 250 સમય : 3 કલાક

સૂચના:

1. પ્રશ્ન ક્રમાંક 1થી 10 ના દરેકના 15 ગુણ છે. પ્રશ્ન ક્રમાંક 11થી 15 ના દરેકના 20 ગુણ છે.
2. પ્રશ્ન ક્રમાંક 1થી 10ના જવાબ આશરે 150 શબ્દોમાં અને પ્રશ્ન ક્રમાંક 11થી 15ના જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
3. 1થી 15 બધા જ પ્રશ્નોના જવાબ લખવાના છે.
4. પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર અને વિશ્લેષણાત્મક રીતે લખવાના છે.

Instruction:

1. Question No. 1 to 10 each question carries 15 marks.
   Question No.11 to 15 each question carries 20 marks.
2. Answers of Question No. 1 to 10 should be given in approximately 150 words. Answers of Question No. 11 to 15 should be given in approximately 200 words.
3. Attempt all 15 Questions.
4. Answer should be written to the point and in analytical manner.

1. "We learn from history that we learn nothing from history"- who said this? What is the sense behind it? Explain with five examples in the context of history of India.

"આપણે ઇતિહાસમાંથી બસ એટલું શીખ્યા છીએ કે આપણે ઇતિહાસમાંથી કશું શીખતા નથી" કોણ કહે છે? તેનું હાર્દ શું છે? ભારતના ઇતિહાસના સંદર્ભમાં ઉદાહરણો સાથે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

2. "The History of Gujarat is marked with footsteps in each age from Ancient Vedic times till Medieval and Modern times." Evaluate in terms of the geographical and cultural potential of Gujarat.

"ગુજરાતના ઇતિહાસમાં પ્રાચીન વૈદિક યુગથી શરૂ કરી મધ્યયુગીન અને આધુનિક ઇતિહાસની પદછાપ અંકિત થયેલી છે". વિધાનને ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક સંભાવનાના સંદર્ભમાં મૂલવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

3. "Gujarat owes its peace, harmony and modern outlook to the critical roles played by reformer writers and poets bringing new light of equality and social justice". Do you agree? Why? Explain the contribution by any five of the leading creators of Eighteenth Century till Independence.

"ગુજરાત તેની શાંતિ, સૌહાર્દ અને આધુનિક વલણો માટે સામાજિક એકતા અને ન્યાયનો પ્રકાશ ફેલાવનારા સુધારાવાદી લેખકો અને કવિઓનું ઋણી છે". તમે સંમત છો? શા માટે? અઢારમી સદીથી આઝાદી સુધીના સમયમાં થયેલા મુખ્ય પાંચ સર્જકોએ આ સંદર્ભમાં આપેલા યોગદાન સાથે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

upsc2ias.com

4. Examine- "Mahagujarat Andolan was truly a mass movement". What were the distinctive features of this movement? Can you compare it with the features of the Independence movement of India?

"મહાગુજરાત આંદોલન ખરા અર્થમાં એક જન-આંદોલન હતું." ચકાસો. આ આંદોલનની વિશેષતાઓ શી હતી? ભારતની સ્વાતંત્ર્ય ચળવળની લાક્ષણિકતાઓ સાથે તેને સરખાવી શકો?

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

5. "A Nation's culture resides in the hearts and in the souls of its people". Deliberate the famous statement in light of the distinguishing cultural characteristics of Indian people.

"રાષ્ટ્રની સંસ્કૃતિ તેના લોકોના હૃદય અને આત્મામાં નિવાસ કરે છે". આ જાણીતા વિધાન અંગે ભારતીય લોકોની સાંસ્કૃતિક વિશેષતાઓના સંદર્ભમાં વિચાર કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

6. There is a new trend of AI generated art. How do you find it different from the traditional one? What could be the impact of AI on the innate creativity of the future generations?

હાલમાં એ.આઈ. જનરેટેડ કળાનો નવો દૌર ચાલ્યો છે. તમે તેને પારંપરિક કળાથી કઇ રીતે જુદો માનો છો? એ.આઈ.ની ભાવિ પેઢીની સહજ સર્જનાત્મકતા પર કેવી અસરો થવા સંભવ છે?

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

7. Illustrate the essential features of Ras-Garba and their influence on the spiritual-cultural evolution and social harmony of Gujarat.

રાસ-ગરબાની લાક્ષણિકતાઓ સમજાવો અને ગુજરાતના આધ્યાત્મિક-સાંસ્કૃતિક ઉદ્વિકાસ અને સામાજિક સૌહાર્દ પરની તેમની અસરો અંગે વિચાર કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

8. Discuss the characteristics, challenges and opportunities of the three distinct geographical areas of Gujarat -Bhal, Nalkantha and Ghed.

ગુજરાતના ત્રણ વિશિષ્ટ ભૌગોલિક વિસ્તારો ભાલ, નળકાંઠા અને ઘેડની લાક્ષણિકતાઓ તથા સમસ્યાઓ અને વિકાસની તકોની ચર્ચા કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

9. Explain the economic significance of the rivers in South and Central Gujarat in terms of Agriculture, Industry and Urban development.

દક્ષિણ તથા મધ્ય ગુજરાતની નદીઓના કૃષિ, ઉદ્યોગ અને શહેરી વિકાસના સંદર્ભમાં આર્થિક મહત્ત્વ અંગે ચર્ચા કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

10. Illustrate the role of coastline of Gujarat in the economic development of India.

ભારતના આર્થિક વિકાસમાં ગુજરાતના દરિયાકિનારાની ભૂમિકા સમજાવો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

11. Analyze - 'India's Independence movement was more than a freedom struggle. It was directed to awaken national spirit, bring social harmony, economic independence and build a great Nation.' Illustrate with examples the impact of any five movements alongside the freedom struggle.

'ભારતની સ્વાતંત્ર્ય ચળવળ આઝાદીના જંગથી વિશેષ હતી, જેમાં રાષ્ટ્રીય ભાવનાનો ઉદય, સામાજિક સૌહાર્દ, આર્થિક સ્વાતંત્ર્ય અને એક મહાન દેશના નિર્માણનો ઉદ્દેશ હતો.' વિધાન અંગે સ્વાતંત્ર્ય સંગ્રામ સાથોસાથ થયેલી અગત્યની પાંચ ચળવળોના સંદર્ભમાં વિચાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

12. "Generations to come will scarce believe that such a man in flesh and blood had walked upon this Earth!" Analyze in terms of the basic values of the Indian freedom struggle. Do you think Gandhian values are still relevant? Where? How?

"આવતી પેઢીઓ માટે એ માનવું અઘરું બનશે કે માંસ-રુધિરનો બનેલો આવો માણસ કદી આ ધરતી પર ચાલ્યો હશે". ભારતના આઝાદીના જંગના પાયાનાં મૂલ્યોના સંદર્ભમાં વિધાનને મૂલવો. તમને લાગે છે કે ગાંધીમૂલ્યો આજે પ્રસ્તુત છે? ક્યાં? કેવી રીતે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

13. "What we know about our history is but for the pilgrim places, temples, traditions and architectural genius of our forefathers"- explain these four signatures with relevant examples of history of Gujarat.

"આપણે જે કંઇ ઇતિહાસ અંગે જાણીએ છીએ, તે આપણા યાત્રાધામો, મંદિરો, પરંપરાઓ અને આપણા પૂર્વજોની સ્થાપત્ય કળાને આભારી છે". સભ્યતાના આ ચાર હસ્તાક્ષરોને ભારતના ઇતિહાસના સંદર્ભમાં સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

14. "If you know a country's geography, you can understand and predict its foreign policy"- Examine the impact of geographical features of India on India's foreign policy and foreign trade policy.

"જો તમે કોઇ દેશની ભૂગોળ જાણતા હશો તો તેની વિદેશનીતિને સમજી શકશો અને અનુમાન કરી શકશો". ભારતની ભૌગોલિક લાક્ષણિકતાઓની ભારતની વિદેશનીતિ તથા વિદેશ વેપારનીતિ પર અસર તપાસો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

15. Examine the impact of Migration as a challenge for ease of living in Urban centers and suggest a win-win model both for economic development and a healthy civic life.

શહેરી સ્થળાંતર દ્વારા ઉદ્ભવતી જીવનની સુખાકારીની સમસ્યાઓને તપાસો અને આર્થિક વિકાસ સાથે આરોગ્યમય નાગરિક જીવન અંગે ઉભયપક્ષી સકારાત્મક મોડેલ સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષયકોડ – BOV-5

(Main Exam- Descriptive)

(મુખ્ય પરીક્ષા- વર્ણનાત્મક)

Total Marks : 250 Time : 3 hours

કુલ ગુણ : 250 સમય : 3 કલાક

સૂચના:

1. પ્રશ્ન ક્રમાંક 1થી 10ના દરેકના 15 ગુણ છે. પ્રશ્ન ક્રમાંક 11થી 15 ના દરેકના 20 ગુણ છે.
2. પ્રશ્ન ક્રમાંક 1થી 10ના જવાબ આશરે 150 શબ્દોમાં અને પ્રશ્ન ક્રમાંક 11થી 15ના જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
3. 1થી 15 બધા જ પ્રશ્નોના જવાબ લખવાના છે.
4. પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર અને વિશ્લેષણાત્મક રીતે લખવાના છે.

Instruction:

1. Question No. 1 to 10 each question carries 15 marks.
   Question No.11 to 15 each question carries 20 marks.
2. Answers of Question No. 1 to 10 should be given in approximately 150 words.
   Answers of Question No. 11 to 15 should be given in approximately 200 words.
3. Attempt all 15 Questions.
4. Answer should be written to the point and in analytical manner.

1. Evaluate the responsibilities of Government in light of Directive Principles of the State Policy. How far we have succeeded in fulfilling these responsibilities? If you are given the choice, which area(s) you will work upon and how?

રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોના સંદર્ભમાં સરકારની જવાબદારીની મૂલવણી કરો. આપણે આ જવાબદારીઓને કેટલી હદ સુધી નિભાવી શક્યા છીએ? જો તમને પસંદ કરવાનું કહેવામાં આવે તો ક્યા ક્ષેત્રમાં અને શું શું કરશો? :

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

2. “Division of Administrative and Financial powers of the Center and the State helps build Unity and Autonomy with regional balance in development.” Illustrate and elaborate in terms of North-East states.

“કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહીવટી અને નાણાંકીય સત્તાઓની વહેંચણી એકતા અને સ્વાયત્તતા સાથે ક્ષેત્રીય વિકાસના સંતુલનને મદદ કરે છે” સમજાવો અને પૂર્વોત્તર રાજ્યોના સંદર્ભમાં વિસ્તારથી ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

3. “Conducting free, fair and inclusive elections is the key to democracy”- evaluate and discuss the means and modes to achieve the three essentials of Elections.

“મુક્ત, ન્યાયી અને સમાવેશી ચૂંટણીઓ લોકશાહીની કૂંજી છે” વિધાનને મૂલવો અને આ ત્રણ ગુણાદર્શોને સિદ્ધ કરવાનાં સાધનો અને પદ્ધતિઓની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

4. “The major challenge before the Civil Service of India is to maintain Administrative Neutrality and the Democratic Accountability in delivering goods of democracy”. Elaborate.

“ભારતીય મુલ્કી સેવા સામેનો મુખ્ય પડકાર વહીવટી નિષ્પક્ષતા સાથે લોકશાહી જવાબદેહિતા જાળવતા રહીને લોકશાહીનાં ફળો પહોંચાડવાનો છે”. વિચાર વિસ્તાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

upsc2ias.com

Downloaded from upsc2ias.com

5. "Poverty and food insecurity are vicious cycles that impede development". Suggest five sustainable solutions to major failures in policies and programs for these two domains.

"ગરીબી અને અન્ન-અસલામતી વિકાસને અવરોધતાં વિષવર્તુળો છે". વિકાસના આ બે આયામોના આયોજનો અને અમલવારીમાં નિષ્ફળતાના નિરાકરણ માટે પાંચ સંપોષિત સમાધાન સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

6. "Participation is the key in Effective Governance"- explain. Illustrate with the case of stakeholder's participation in relation to employment.

"જનભાગીદારી અસરકારક શાસનની ચાવી છે" સમજાવો. રોજગારીના સંદર્ભમાં હિત ધરાવનારની સહભાગિતાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

7. What are the impediments in conducting effective social audit? Suggest a model social audit scheme for any one rural development scheme.

અસરકારક સામાજિક અન્વેષણ કરવા સામેની અડચણો કઇ છે? ગ્રામીણ વિકાસની કોઇપણ એક યોજના માટે આદર્શ સામાજિક અન્વેષણ મોડલ આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

8. Discuss the varying issues and development potential for the tribal community across the Eastern belt of Gujarat.

ગુજરાતના પૂર્વપટ્ટામાં વસતા આદિવાસી સમુદાયની વિવિધ સમસ્યાઓ અને વિકાસ માટેની સંભાવનાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

9. 'A Gujarati migrate abroad not just to earn but also builds culture.'- Explain. Illustrate the famous saying "What kind of Gujarati is that, who is only Gujarati" in terms of Gujarati diaspora.

'એક ગુજરાતી માત્ર કમાવા નથી જતો, સાંસ્કૃતિક સેતુ પણ બાંધે છે.' સમજાવો. "એ તે કેવો ગુજરાતી કે જે હોય કેવળ ગુજરાતી!" આ જાણીતા વિધાનની ગુજરાતી પ્રવાસી સમુદાયના સંદર્ભમાં મૂલવણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

10. Examine the validity of the statement in the context of Gujarat – "Loosened socio-cultural barriers, new value systems and consumerism reflect Globalization". Do you see them as challenges or opportunities? Why?

"છૂટતાં જતાં સામાજિક-સાંસ્કૃતિક બંધનો, નવાં જીવનમૂલ્યો અને ઉપભોક્તાવાદ વૈશ્વિકરણને ઇંગિત કરે છે" ગુજરાતના સંદર્ભમાં વિધાનની તથ્યાર્થતા ચકાસો. તમે તેને એક પડકાર તરીકે જુઓ છો કે અવસર તરીકે ? શા માટે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

11. Discuss the distinctive role of the Parliament and the Judiciary and evaluate the impact of judicial review of parliamentary acts in historical context.

સંસદ અને ન્યાયપ્રણાલીની વિશિષ્ઠ ભૂમિકાની ચર્ચા કરો અને સંસદીય કાયદાઓની ન્યાયિક સમીક્ષાની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂલવણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20

upsc2ias.com

Downloaded from upsc2ias.com

12. "It's not a melting pot but a beautiful mosaic"- discuss how the Constitution of India protect Unity in Diversity. List five do's and five don'ts for citizens to maintain this unique and august feature of India?

"આ એક ઉકળતો ચરુ નથી પણ સુંદર રંગબેરંગી લાદી છે" ભારતનું બંધારણ કઇ રીતે વિવિધતામાં એકતાનું રક્ષણ કરે છે, તેની ચર્ચા કરો. ભારતના આ વિશિષ્ઠ અને પાવન લક્ષણની જાળવણી માટે એક નાગરિક તરીકે 'શું કરવું જોઇએ' અને 'શું ન કરવું જોઇએ' તેવા પાંચ-પાંચ કર્તવ્યો સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

13. What can citizens expect as a welfare state? What can a young Civil Servant do to fulfill aspirations of people? Illustrate with some real practical success stories.

એક કલ્યાણકારી રાજ્ય તરીકે નાગરિક શી શી અપેક્ષા રાખી શકે? એક યુવા જનસેવક તરીકે નાગરિકોની આકાંક્ષાઓને સંતોષવા શું શું કરી શકે? પ્રતીતિજનક વ્યવહારુ ઘટનાઓ કે અનુભવો દ્વારા સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

14. Evaluate the challenges posed by caste, community and regional barriers faced by the marginalized communities and suggest institutional and moral remedies.

જાતિગત, સામુદાયિક અને ક્ષેત્રીય ભેદભાવોને લીધે ઉદ્ભવતી છેવાડાના સમુદાયોની સમસ્યાઓની ચર્ચા કરો અને તેના સમાધાન માટે સંસ્થાકીય અને નૈતિક ઉપાયો સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

15. Discuss the impact of reduction in size of family in modern times on the care of children and the senior citizens. Suggest a working model as a City Civil Servant with services directed to social and psychological threats to these vulnerable communities.

આધુનિક સમયમાં કુટુંબના કદ ઘટવાને લીધે બાળકો અને વયસ્કોને ઉદ્ભવતી સમસ્યાઓની ચર્ચા કરો. એક નગર જનસેવક તરીકે આ બે જોખમમાં રહેલા સમુદાયોની સામાજિક અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને ઉકેલતી સેવાઓનું મોડેલ આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષયકોડ – BOV-6

(Main Exam- Descriptive)

(મુખ્ય પરીક્ષા- વર્ણનાત્મક)

Total Marks : 250 Time : 3 hours

કુલ ગુણ : 250 સમય : 3 કલાક

સૂચના:

1. પ્રશ્ન ક્રમાંક 1થી 10ના દરેકના 15 ગુણ છે. પ્રશ્ન ક્રમાંક 11થી 15 ના દરેકના 20 ગુણ છે.
2. પ્રશ્ન ક્રમાંક 1થી 10ના જવાબ આશરે 150 શબ્દોમાં અને પ્રશ્ન ક્રમાંક 11થી 15ના જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
3. 1થી 15 બધા જ પ્રશ્નોના જવાબ લખવાના છે.
4. પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર અને વિશ્લેષણાત્મક રીતે લખવાના છે.

Instruction:

1. Question No. 1 to 10 each question carries 15 marks.
   Question No.11 to 15 each question carries 20 marks.
2. Answers of Question No. 1 to 10 should be given in approximately 150 words.
   Answers of Question No. 11 to 15 should be given in approximately 200 words.
3. Attempt all 15 Questions.
4. Answer should be written to the point and in analytical manner.

1. UPI (Unified Payment Interface) recently created a history by highest transactions in digital interface. Evaluate the impact of UPI in terms of its potentials and challenges.

એક જ દિવસમાં વધુમાં વધુ નાણાંકીય વ્યવહારો દ્વારા યુ.પી.આઇ. (એકીકૃત ચુકવણી ઇન્ટરફેસ)એ ઇતિહાસ સર્જી દીધો. યુ.પી.આઇ.ની અસરોની સંભાવનાઓ અને પડકારના સંદર્ભમાં મૂલવણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

2. Discuss- Providing a robust cyber security is pre-requisite to digital revolution. Evaluate various legal and administrative initiatives to strengthen cyber security in India.

ડિજીટલ ક્રાંતિ માટે મજબૂત સાઇબર સિક્યુરિટી અનિવાર્ય પૂર્વશરત છે. વિધાનની મીમાંસા કરો. ભારતમાં સાઇબર સિક્યુરિટીને સઘન બનાવવાના કાનૂની અને વહીવટી પહેલોનું મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

3. "Collaborating geospace technology with water harvesting efforts for ground water management is an excellent example of coordination for a common cause". Deliberate on other four avenues with practical examples.

"ભૌગોલિક-અવકાશ (જીઓસ્પેસ) ટેકનોલોજી અને જળસંચયના સંયોજન દ્વારા ભૂગર્ભ જળ વ્યવસ્થાપન એ એક લાભકારી સામાન્ય હેતુ માટે સંકલનનું ઉત્તમ ઉદાહરણ છે". આ પ્રકારના અન્ય ચાર સંભાવનાઓનો વ્યવહારુ ઉદાહરણ સાથે વિચાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

upsc2ias.com

Downloaded from upsc2ias.com

4. "Meteorological science has played key role in mitigating natural disasters in recent years in India". Illustrate various public outreach systems in this context and their positive outcomes in terms of reduction in damage to life and properties.

"હવામાન શાસ્ત્રે છેલ્લા વર્ષોમાં આવેલી કુદરતી આપદાઓ સામે સુરક્ષાની કામગીરીમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી છે". આ સંદર્ભમાં જનજાગૃતિ માટેની વિવિધ પ્રણાલીઓની ચર્ચા કરો અને જાનમાલના નુકસાન ઘટવાની સકારાત્મક અસરો સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

5. Evaluate the threat of the digital waste (e-waste) and discuss various initiatives of recycling the e-waste. How can a citizen support this campaign? Illustrate with real success stories.

ડિજીટલ કચરો (ઇ-વેસ્ટ)ના જોખમોનું મૂલ્યાંકન કરી ઇ-વેસ્ટના પુનરુપયોગ (રિસાઇકલ) કરવાના પહેલોની ચર્ચા કરો. એક નાગરિક તેમાં શું સાથ આપી શકે? સાચી કહાનીઓ સાથે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

6. Examine the challenges faced by the Solar technology in the area of ease of application and the impact on environment. What can be done to augment the benefits while minimizing the risks?

ઉપયોગમાં સગવડતા અને પર્યાવરણીય સમસ્યાના ક્ષેત્રે સોલાર ટેકનોલોજી સામેના પડકારોનું મૂલ્યાંકન કરો. તેના જોખમો નિવારવા સાથે ફાયદાઓને લણતા રહેવા શું શું કરી શકાય?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

7. "Economic development is closely linked to the Infrastructural Deployment"- Examine the statement with reference to India.

"આર્થિક વિકાસ આંતરમાળખાકીય વિકાસ સાથે સીધો સંકળાયેલો છે." ભારતના પરિપ્રેક્ષ્યમાં આ વિધાન ચકાસો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

8. What are the Foreign Trade options with India to offset the tariff sanctions from US? Can GST serve as an answer to trade sanctions from US? How?

અમેરિકાએ થોંપેલા વ્યાપારી પ્રતિબંધોની અસર નિવારવા ભારત પાસે ક્યા ક્યા વિદેશી વ્યાપાર વિકલ્પો છે? જી.એસ.ટી. અમેરિકન પ્રતિબંધોના સંદર્ભમાં શું સમાધાન આપી શકે તેમ છે? કઈ રીતે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

9. Examine the role of BRICS in fostering growth and cooperation in Global South with India's role in the New World Order.

દક્ષિણ ગોળાર્ધમાં વિકાસ અને સહકારના સંદર્ભમાં બ્રિક્સ સંગઠન અને તેમાં નવા વૈશ્વિક સમીકરણો (નવી વિશ્વ વ્યવસ્થા) રચવામાં ભારતની ભૂમિકાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

upsc2ias.com

Downloaded from upsc2ias.com

10. Do you see De-dollarization as a possibility? What are the pros and cons of De-dollarization?

ડોલરનું આંતરરાષ્ટ્રીય પ્રભુત્વને સમાપ્ત કરવું શક્ય છે? ડિડોલરાઇઝેશનના ફાયદા અને જોખમોની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

11. "Over dependence on digital tools for information is a potential threat to natural memory, problem solving and innovation ability of man"- examine and suggest four remedies to win the benefits of digital tools without significantly damaging the innate ability.

"માહિતીના ડિજીટલ સાધનો પરનું અત્યાવલંબન કુદરતી યાદશક્તિ, સમસ્યા-સમાધાન ક્ષમતા અને પહેલો આપવાની માનવની ક્ષમતા સામેનું સંભવિત જોખમ છે" વિધાનને ચકાસો અને આંતરિક શક્તિઓને કુંઠિત કર્યા વિના ડિજીટલ સાધનોનો લાભ લેવાના ચાર ઉપાયો સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

12. "Natural Farming (Prakrutik Krishi) is not only essential for sustainable agriculture but also a boon for consumers' health and the environment." Discuss and suggest citizen's role in the natural farming initiatives.

"પ્રાકૃતિક કૃષિ (નેચરલ ફાર્મિંગ) માત્ર ટકાઉ ખેતી માટે નહીં પરંતુ ઉપભોક્તાના આરોગ્ય અને પર્યાવરણ માટે પણ અનિવાર્ય છે." વિધાનને સમજાવો અને પ્રાકૃતિક ખેતીના નવાચારોમાં નાગરિકની ભૂમિકાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

13. "Gujarat's Cooperative Dairy movement is one of the earliest self-reliance initiatives at the dawn of Independence", examine the historical perspective and the role of different stakeholders.

"ગુજરાતનું સહકારી ડેરી આંદોલન ભારતના આઝાદીના ઉષાકાળ સમયની આત્મનિર્ભરતાની પ્રારંભિક પહેલ બન્યું છે" ઐતિહાસિક પૃષ્ઠભૂમિની મીમાંસા કરો અને જુદાજુદા હિતધારકોની ભૂમિકાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

upsc2ias.com

14. Evaluate the philosophy of 'Swadeshi' as answer to Global Trade war and illustrate with example, the role of stakeholders such as policy makers, business-industry and consumers.

વૈશ્વિક સ્તરે વ્યાપારી સંઘર્ષના સંદર્ભમાં સ્વદેશી તત્વજ્ઞાનનું મૂલ્યાંકન કરો. જુદાજુદા હિતધારકો, જેવા કે નીતિનિર્ધારકો, વ્યાપાર-ઉદ્યોગગૃહો અને ઉપભોક્તાઓની ભૂમિકા સ્પષ્ટ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

15. "Operation Sindoor" is unique in the history of combating crossborder terrorism. Evaluate.

"ઓપરેશન સિંદૂર" સરહદ પારના આતંકવાદ સામેની લડાઇના ઇતિહાસમાં બેજોડ છે. સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષયકોડ – BOV-7

Total Marks : 250 Time – 3 Hours

કુલ ગુણ : 250 સમય – 3 કલાક

ભાગ – 1 Part – 1

નીચેના પ્રશ્નોના ઉત્તરો આશરે 200 શબ્દોમાં મુદ્દાસર અને વિશ્લેષણાત્મક રીતે આપો. દરેક પ્રશ્નના 25 ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તરો લખવા ફરજિયાત છે.

Answer the following questions in precise and analytical manner in approximately 200 words. Each question carries maximum 25 marks. It is compulsory to write answers of all questions.

કેસ સ્ટડી (Case Studies): અહીં આપેલા કેસનો અભ્યાસ કરો, કેસમાં દર્શાવાયેલા નૈતિક મુદ્દા પર વિચાર કરો અને ફકરાના અંતે આપેલા સવાલોના ઉત્તરો આપો. કેસમાં દર્શાવાયેલી ઘટના કે પાત્રો કાલ્પનિક છે. તેનો કોઇ વ્યક્તિ કે ઘટના સાથે સંબંધ જણાય તો તે માત્ર યોગાનુયોગ હોઇ શકે. મુદ્દાસર અને વિશ્લેષણાત્મક રીતે આશરે 200 શબ્દોમાં ઉત્તર લખો. સવાલના મુસદ્દામાં વર્ણિત ઘટનાઓ કે પાત્રોનું પુનરાવર્તિત વર્ણન કરવાની આવશ્યકતા નથી. દરેક પ્રશ્નના મહત્તમ 25 ગુણ છે.

Study the following cases, reflect on the ethical issues and reply the queries at the end of the paragraph in approximately 200 words. The events and characters indicated herein are imaginary and any resemblance could be a coincidence. There is no need to reiterate the events and characters of the case study. Each question carries maximum 25 marks.

1. કુ. 'અ' વિજ્ઞાન સ્નાતક છે અને પર્યાવરણ સાથે સંકળાયેલા વિભાગમાં નિયુક્ત થયા છે. તેઓ માતાપિતા પાસેથી ઉત્તમ નૈતિક શિક્ષા પામેલા એવા સાધારણ સામાજિક-આર્થિક પરિવારના એક ઉત્સાહી અને ભાવનાશીલ યુવા છે. મદદનીશ નિયામક તરીકેની તેમની ફરજોમાં જુદાંજુદાં સ્થળો અને ઔદ્યોગિક એકમોની તપાસ કરવાનું અને પોતાની ભલામણો સાથે અહેવાલ આપવાની કામગીરીનો સમાવેશ થાય છે.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 25

એક સવારે કચેરીના વડાએ તેમને એક ઔદ્યોગિક દરખાસ્ત અંગે તાત્કાલિક અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યા. કુ. 'અ'ની નિમણૂક થતાં પહેલાં આ જગ્યાનો હવાલો સંભાળતા જુનિયર સાથીએ કહ્યું કે તેણે આ સ્થળની મુલાકાત લીધી છે અને બધું જ નિયમાનુસાર છે અને તેમની સહી માટે અહેવાલ તૈયાર છે. જો કે તેમણે સ્થળ મુલાકાતનો આગ્રહ રાખ્યો.

તેઓના સિનિયરે ફરીને તાત્કાલિક અહેવાલ રજૂ કરવા દબાણ કર્યું. આ ઉતાવળને લીધે તેઓને શંકા થઇ અને સ્થળ પર દોડી ગયાં. તેમને એ જાણીને આશ્ચર્ય થયું કે ઘણી અનિયમિતતાઓ હતી, જે પૈકીની ઘણી ગંભીર પ્રકારની અને અમુક અત્યંત ભયજનક હતી. તેમણે સ્થળ પરના મેનેજરને આ બાબતે ખુલાસો પૂછ્યો તો તેણે ઉત્તર આપવાને બદલે કહ્યું કે આ પ્લાન્ટ સરકારના મુખ્ય મથક ખાતે સંપર્કો ધરાવનાર વગદાર વેપારીનો છે. પછી તેણે ધીમેથી ઉમેર્યું "અમારા શેઠ ખૂબ ઉદાર છે અને સરકારમાં બેઠેલા મિત્રોને સારો બદલો આપે છે!"

Downloaded from upsc2ias.com

બીજે દિવસે સવારે વરિષ્ઠ અધિકારીએ તેમની નિમણૂક પહેલાંના તૈયાર અહેવાલ રજૂ કરી દેવા સૂચના આપી. તેઓ સિનિયરને સમજાવવા પ્રયાસ કરે છે કે અહેવાલમાં ઘણી ખામીઓ છે અને તે રજૂ કરવો હિતાવહ નથી. જો કે સિનિયર પોતાની વાત પકડી રાખે છે અને અંતે ચેતવણી આપે છે કે આનાથી તેમની કારકિર્દી ખરાબ થઇ શકે છે. અમુક અપવાદને બાદ કરતાં મોટા ભાગના સહકર્મચારીઓ વહેતા પ્રવાહ સાથે ભળી જવા સલાહ આપે છે.

કુ. 'અ'ના મનમાં ચાલતી ગડમથલનું શબ્દચિત્ર આપો.તેમની પાસે ક્યા ક્યા વિકલ્પો છે? એક હિતેચ્છુ મિત્ર તરીકે તમે તેમને શી સલાહ આપશો? શા માટે?

Ms. A is a Science graduate and after her recruitment she was placed at a District level office of the Department looking after Environment. She is an enthusiastic and good meaning youth having modest socio-economic background with excellent moral teaching from her parents. Ms. A was appointed as an assistant director and her duty involved visit and inspection of the sites and the industrial plants and reporting with her recommendations.

On one morning she was directed by the head of the office to urgently submit her report in relation to an industrial proposal. A junior colleague, who held the charge of the same post before her, said that he had visited the site and everything was as per norms and the report was ready for her signature. But she insisted on the site visit.

Her superior pressed again to submit the report at once. This haste raised doubts in her mind and she rushed to the spot. To her surprise, she found many discrepancies and some of them were serious and highly hazardous. She sought explanations from the site manager but instead of responding to her queries, he alerted her that the plant belongs to a powerful businessman having contacts at the Government headquarters. In a low voice he added, “Our promoters are very generous and always reward friends in Government!”

Next morning, the senior asked her to submit the report that was ready before her arrival. She tried to explain that there were serious lapses and it is not advisable. However, the senior was adamant and at last, he cautioned that this could be damaging to her career. Most colleagues, excepting a few, advised her to follow the suit.

Delineate the thought process she might have undergone. What are the options before Ms. A? What would you advise her as a well-wisher friend? Why?

upsc2ias.com

Downloaded from upsc2ias.com

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 25

2. એક નાના આદિવાસી ગામમાં ઉછરેલા અને પ્રતિષ્ઠિત સામાજિક વિજ્ઞાનની સંસ્થામાં ભણેલા શ્રીમાન 'બ' જાહેર સેવામાં જોડાયા છે. તેમણે સામાજિક-આર્થિક રીતે નબળા વિસ્તારો અંગેની જાણકારી અભ્યાસ દરમ્યાન મેળવેલી છે.

એક સવારે તે પોતાના કચેરીની સીડીઓ ચઢી રહ્યા હતા ત્યારે જોયું કે કેટલાક વયોવૃદ્ધ લોકો પગથિયાં પર બેઠાં છે. કચેરી સહાયક વયોવૃદ્ધ નાગરિકોને ખસી જઇને તેના સાહેબ માટે રસ્તો આપવા તોછડાઇથી કહી રહ્યાનું તેમના ધ્યાનમાં આવ્યું. શ્રીમાન 'બ' ત્યાં જ રોકાઇ જાય છે અને તેમની સાથે વાત કરવાનું શરૂ કરે છે. સહાયક તેને રોકવાનો પ્રયાસ કરે છે પણ શ્રીમાન 'બ' તેને ત્યાંથી જતા રહેવાનું કહે છે. તેને માહિતી મળે છે કે આ લાભાર્થીઓનું સામાજિક સુરક્ષાનું પેન્શન છ મહિનાથી બંધ થઇ ગયું છે. "તમે સંબંધિત શાખાધિકારીને મળ્યા છો?" તેણે વિવેકથી પૂછ્યું. "સાહેબ, ઘણી વાર મળ્યા છીએ પણ કશું વળ્યું નથી. અમે ઘણાં ગરીબ છીએ અને આ ઉંમરે કોઇ કામ પણ ન કરી શકીએ" એક વડીલે જવાબ આપ્યો. બીજાએ કહ્યું "અમે સાંભળ્યું છે કે નવા સાહેબ આવ્યા છે અને તે દયાળુ છે, એટલે અમે તેમને મળવાનું નક્કી કર્યું."

શ્રીમાન 'બ' એક પેન્શનરને પોતાની સાથે લઇ જાય છે અને સંબંધિત શાખાધિકારીને પોતાની ચેમ્બરમાં બોલાવીને પેન્શન બંધ થવા માટેનું કારણ પૂછે છે. "સાહેબ, એ લોકો જુઠ્ઠા છે. આપણે જ્યારે સ્થળ તપાસ કરાવી ત્યારે તેઓ મળી આવેલા નહોતા. તેમાંના કેટલાક ભીખ માંગતા હોવાનું આપણને જાણવા મળ્યું છે. યોજના અંતર્ગત આવા કિસ્સામાં પેન્શન બંધ કરવાની જોગવાઇ છે", તેણે બેફિકરાઇથી ઉત્તર વાળ્યો. પેન્શનરે ખચકાટ સાથે કહ્યું "સાહેબ, અમે રીઢા ભિક્ષુક નથી પણ પેન્શનના અભાવે પેટનો ખાડો પૂરવા ભીખ માંગવા મજબૂર બન્યા છીએ. મેં ત્રણ દિવસથી ખાધું નથી. એક ભલા દુકાનદારે આપેલા શેકેલા ચણાથી પેટની આગ ઠારું છું." અને હતાશા સાથે ઉમેર્યું, "આ સાહેબ એવા દસ્તાવેજો માંગે છે કે જે અમે આપી શકીએ તેમ નથી." અધિકારી માટે આ આઘાતજનક જાણકારી હતી.

શ્રીમાન 'બ' આ દુ:ખી નાગરિકોને સહાયભૂત થવા સંકલ્પ કરે છે. ત્રણ માસમાં બધા લાભાર્થી માટે તે જે કંઇ કરી શક્યા તે માટે તેને ઘણો સંતોષ થયો. તેમના વ્યક્તિત્વની વિશેષતા માટે તમે શું કહી શકશો? તેણે શું શું કર્યું હશે? તેણે કરેલી ઓછામાં ઓછી ત્રણ સુધારણા પહેલ સૂચવો. તેણે પોતાના સહકર્મીઓને શો સંદેશ આપ્યો હશે કે તેઓ પણ હવે કર્તવ્ય અદા થયાના સંતોષને લીધે આનંદમાં હતા.

Mr. B, who was brought up in a small tribal village joins Public Service after graduating from an eminent Social Science institute. His study involved exposure in socio-economically marginalized areas.

One morning while he was climbing the stairs to his office, he found a few senior citizens sitting on the steps. He observed that the office assistant contemptuously

upsc2ias.com

Downloaded from upsc2ias.com

asked the senior citizens to make the way for his boss. He stops there and starts talking to them. The assistant tries to intervene but he asks him to leave. He learns that their social security pension was discontinued since six months. “Have you met the concerned branch head?” he gently enquired. “Sahib, we met him several times but nothing is done. We are very poor and can’t even work at this age”, said an old man. Another adds, “We heard that a new sahib has come and he is kind, so we have decided to meet him.”

Mr. B takes one of the pensioners with him and calls the concerned branch head in his chamber and asks why the pension was withheld. “Sir, they are liars. Actually they were found missing when we conducted spot verification. We also found some of them begging. The scheme provides for discontinuation of pension in such cases,” a casual replied. The pensioner replied hesitantly, “Sahib, we aren’t habitual beggars but we are compelled to beg to fill our stomach in absence of the pension. I haven’t taken a meal over three days. I survive with little roasted gram gifted by a kind shopkeeper.” And he desperately added, “This sahib asks for the documents that we can’t produce”. This was a shocking revelation for the officer.

Mr. B decides to help these desperate citizens. In three months he was much happy with what he could do for all the beneficiaries. What can you say about special traits in his personality? Can you suggest at least three initiatives he might have taken? What could be his message to colleagues, who too were in a happy state of job satisfaction now?

upsc2ias.com

3. એક જિલ્લાની કાયદો અને વ્યવસ્થા સંભાળનાર તંત્રના વડા તરીકે શ્રીમાન ‘ક’ની નિમણૂક થઇ છે. તે સબળ વ્યક્તિત્વ અને મૈત્રીપૂર્ણ વલણ ધરાવતા એક પ્રામાણિક વ્યક્તિ છે. મુખ્યમથક નગરમાં જુદાજુદા સમાજની મિશ્ર વસ્તી હોવા છતાં તેઓ છેલ્લા ઘણા દાયકાઓથી સૌહાર્દપૂર્ણ રીતે રહે છે. પરંતુ છેલ્લી કેટલીક ઘટનાઓને લીધે સમુદાયો વચ્ચે પરસ્પર વિશ્વાસમાં ઓટ આવી છે. એક દિવસ શ્રીમાન ‘ક’ને બે અલગ અલગ સમુદાયોના જૂથો વચ્ચે અથડામણના સમાચાર મળ્યા. તે સ્થળ પર દોડી જાય છે પણ સ્થિતિ અત્યંત સ્ફોટક હતી. તેણે સ્થળ પર પોતાની ટીમ કામે લગાડી અને મુખ્યમથકથી વધુ માનવબળ માટે માંગણી કરી. તે વિસ્તારમાં દુકાનો અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવામાં આવ્યાં હતાં. લોકોને એકઠા થવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિ અંકુશમાં લેવામાં આવી હતી, જો કે હજુ સ્થિતિ તણાવપૂર્ણ હતી.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 25 |

બીજે દિવસે તેણે પોતાની કચેરીમાં સમુદાય અને સમાજના વડાઓની બેઠક બોલાવી.

Downloaded from upsc2ias.com

બન્ને બાજુએથી સામસામા આક્ષેપો થયા. તેના જુનિયર સાથીઓ દ્વારા પક્ષપાત થયાના આક્ષેપ પણ કેટલાક લોકોએ કર્યા. બાદમાં તે જુદા જુદા સમાજના બુદ્ધિજીવી અને સમજુ નાગરિકો સાથે ખાનગીમાં વાત કરી તેમના અભિપ્રાય મેળવે છે. તેને જાણમાં આવે છે કે સંઘર્ષનું મૂળ કારણ ગેરકાયદે દારૂના ધંધામાં સામેલ માફિયા વચ્ચેની હરીફાઈ હતું, વળી સ્થાનિક સ્વરાજની ચૂંટણીએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું હતું. એક સમજુ વ્યક્તિએ કહ્યું, “સાહેબ, સામાન્ય લોકો તો હંમેશાં સંવાદિતા અને શાંતિ ઝંખે છે. તેમની પાસે સરકારી કચેરી અને કોર્ટોમાં ખર્ચવા માટે સમય કે નાણાં નથી.” કોઇએ ગર્ભિત ઇશારો કર્યો, “સાહેબ, ગુંડાઓના વિશ્વાસુ અને અતિભ્રષ્ટ તમારા જુનિયર શ્રીમાન “ક્ષ” પર નજર રાખો અને સોશિયલ મીડિયામાં ફેલાતી હાનિકારક પોસ્ટ્સનું મૂળ પણ શોધી કાઢો”.

શ્રીમાન ‘ક’ પરિસ્થિતિ બદલવા નિશ્ચય કરે છે. તેની સામે ક્યા ક્યા પડકારો છે? સંવાદિતા અને શાંતિ સ્થાપવામાં સહયોગ આપવા જનતાને સંમત કરવા સાથોસાથ તે કઇ રીતે ગુનેગારોને અંકુશમાં લેશે? શાં શાં વ્યવહારુ પગલાં અને પરિણામો હોઇ શકે? વિશ્લેષણ અને ચર્ચા કરો.

Mr. C is appointed as a leader of the team looking after law and order in a district. He was an honest man with strong personality with friendly attitude. The headquarter town had mixed population of various communities but living harmoniously over last many decades. But some recent events in the town lead to trust deficit among the communities. One day Mr. C received news of group clash among two communities. He rushed to the spot and found situation very volatile. He deployed his team on the job and also called for additional manpower from the headquarters. There was a lock-down for all the shops and educational institutions in the area. A notification was issued banning assembly of people. The situation was brought under control but it was still extremely tense.

upsc2ias.com

Next day, he calls for a meeting of the community and social leaders at his office. There were counter allegations from both sides. Some of them also accused about partisan stand taken by his juniors. Later, he privately meets a few intellectual and wise citizens across the communities and seeks their view on the cause of the recent turbulences and their possible remedy. He learnt that the real cause of the trouble was business rivalry of liquor mafias further fueled by recent local body elections. “Sir, common people always wish peace and harmony. They have no time or money to waste in offices and courts”, a wise voiced. Someone confidentially hinted “Sir, take care of your junior Mr. ‘X’, highly corrupt and close confidante of the goons and also track the source of untoward posts on the social media”.

Downloaded from upsc2ias.com

Mr. C decides to change the situation. What are the challenges before him? How does he convince the people to cooperate for peace and harmony while keeping the goons under check? What could be the practical steps and the outcome? Analyze and discuss.

4. શ્રીમતી “ડ” સ્વયંશિસ્ત ચુસ્ત રીતે પાળનારા સંવેદનશીલ મહિલા છે. તેઓ પ્રકૃતિપ્રેમી છે. વનો અને પર્વતોમાં વિચરણ કરવું તેમનો શોખ રહ્યો છે. સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે પસંદગી પામી તેઓ એક શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થામાં વહીવટદાર તરિકે નિમાયાં છે. સંસ્થામાં રસ્તા અને ભવનો, સ્વચ્છતા, આરોગ્ય, વનીકરણ, શિક્ષણ અને કરવેરા સહિતના ઘણા વિભાગો છે. પોતાની મુલાકાત દરમિયાન તેઓને જોવા મળ્યું કે રસ્તાઓ કચરાથી છલકાય છે અને અવરોધાયેલી ગટર-લાઇનો ઉભરાઇ રહી છે. મોટે ભાગે તેઓ નાગરિકોની ફરિયાદો સાંભળવામાં અને માધ્યમોના કડવા અહેવાલોના પ્રતિભાવ આપવામાં વ્યસ્ત રહે છે.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 25

તેમની કચેરીમાં પણ સ્વચ્છતા-સુઘડતાનું સ્તર નબળું હતું. મુલાકાતીઓ માટેનું શૌચાલય ગંધાતું હતું અને દીવાલો પાનમસાલાની પિચકારીઓથી રંગાયેલી હતી. પાણી કે વીજળી બચાવવા માટે સંવેદનશીલતાનો અભાવ હતો. કચેરીમાં કોઇ હોય કે ન હોય, લાઇટ-પંખા સવારે નવ વાગે ચાલુ થાય અને સાંજે છેક છ વાગે બંધ થતા હતા. કચેરીના વાહનોનો આડેધડ ઉપયોગ થતો હતો અને ઇંધણનો ખૂબ બગાડ થતો હતો. આવું જ કંઇક કચેરીમાં કાગળના વપરાશ બાબતે થતું હતું.

શ્રીમતી ‘ડ’ એ જ્યારે સ્ટાફ મિટિંગમાં આ સમસ્યાઓની ચર્ચા કરી તો ચીલાચાલુ જવાબ મળ્યો, “શું કરીએ મેડમ? આપણી પાસે માનવ સંસાધન અપૂરતું છે અને શહેરના લોકોમાં જાહેર શિસ્તનો અભાવ છે.” તેઓએ સીધો જવાબ આપવાને બદલે બે પ્રેઝન્ટેશન બતાવ્યાં. પહેલામાં શહેરની મુલાકાત વેળા પોતાના મોબાઇલમાં કેદ કરેલી તસવીરો હતી. તે પછી કચેરીની અસ્વચ્છ અને અણઘડ તાસીર ફોટોગ્રાફ્સ દ્વારા રજૂ કરી, પછી હળવેથી પૂછ્યું “નગરજનો સ્વચ્છતાના સંસ્કાર બાબતે જાગૃત નથી એ ખરું પણ આપણું પોતાનું ચિત્ર કેવું છે? આપણે પણ આ જ શહેરના નગરજનો નથી શું? તમે પેલો મંત્ર તો સાંભળ્યો જ હશે “જેવું આચરણ કરે શ્રેષ્ઠ જન, તેહને અનુસરે સામાન્ય જન!”

તેઓ પાસે બે વિકલ્પો હતા: કોઇ સારી જગ્યાએ બદલી થાય તેની રાહ જોઇને તેઓ હાથ વાળીને બેસી રહે અથવા પડકારોને ઝીલી લે. તમારી તેમને શી સલાહ હશે? તેઓ સારુ શ્રેષ્ઠ કર્તવ્યપથ ક્યો હશે? છ માસના અંતે શ્રીમતી ‘ડ’ એ કરેલ કામગીરી અને તેના પરિણામોનું પરિદૃશ્ય રજૂ કરો.

Mrs. D is a sensitive lady with strong sense of self discipline. She loves nature. She is fond of tracking in forest and mountains. She joins as an Administrator at an urban local body after her selection in a competitive exam. The organization has many departments including road and building, sanitation, health, greening,

Downloaded from upsc2ias.com

education and taxation. She found during her visits of different areas of the town that the streets were full of garbage and the blocked sewage lines were over-flooding in many places. Most of the time she was engaged in replying complaints from citizens or responding to acrimonious reports in media.

The housekeeping was poor in her own office as well. Visitor's toilets were stinking and walls were spotted with spitting of pan-masala. There was hardly any sensitivity to save electricity or water. Lights and fans were switched on at 9 am and switched off at 6 pm, irrespective of the presence of the employees in office. Office vehicles were used carelessly causing a lot of wastage of fuel. The same was true in case of use of paper in the office.

"What can we do Madam? We are in shortage of the manpower and the citizens hardly have any civic sense" thus was a typical response of her colleagues when she discussed in the staff meeting. Instead of responding to them directly, she resorted to make two presentations. The first one described the story of her visit of the city through her clicks with cellphone. The next narrated the unclean and untidy state of her own office. Then she gently added, "It is true that the citizens aren't aware about sanitation but what about us? Are we not the citizens of this city? You must have heard that Mantra, which means 'People follow the leading persons!'

Mrs. D has two choices – either to stay back and wait for transfer to a better location or to take on the challenges. What is your advice to her? What is the best course of action? Draw an action taken and outcome chart after six months.

upsc2ias.com

5. જાણીતા વિશ્વવિદ્યાલયમાંથી આઇ.ટી. સ્નાતક થયેલા શ્રીમાન 'ઇ' પોતાની પ્રારંભિક ત્રીસીમાં જાહેર સેવામાં જોડાય છે. તે બંધારણીય નૈતિકતાને વરેલા પ્રામાણિક, બુદ્ધિશાળી અને દેશભક્ત યુવા છે. તેઓ સામાન્ય વહીવટની જિલ્લા કક્ષાની કચેરીના વડા તરીકે નિમાયા છે.

કચેરીમાં જોડાયાના એક અઠવાડિયામાં તેમણે અનુભવ્યું કે તેમના ઘણા સાથીઓ લાંચ-રૂશ્વત અને ચૂનાના પથ્થર અને રેતી જેવા ખનીજની ચોરી જેવી ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે. તેમના મદદનીશ અધિકારી, જે સ્થાનિક શક્તિશાળી સમુદાયના હતા, તે અંદરખાને જમીન અને ખનીજ માફિયા સાથે સંકળાયેલા હતા. તે નૈતિક રીતે ખૂબ જ નબળા છે અને ગેરકાયદે પ્રવૃત્તિ સામે આંખ મિંચામણા કરતા હતા. શ્રીમાન 'એ'ના પૂર્વ અધિકારી મુખ્યમથક પર રહેતા નહોતા અને મદદનીશ અધિકારીની 'સંભાળી લેવાની' ક્ષમતા પર ખુશ હતા.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 25 |

Downloaded from upsc2ias.com

શ્રીમાન ‘ઇ’ હજુ તો પરિસ્થિતિ પર વિચાર કરી રહ્યા હતા ત્યાં એક જાગૃત નાગરિકનો ફોન આવે છે. ફોન કરનાર તેમની પાસે પડતર માઇનીંગ લાયસન્સની એક ફાઇલમાં રહેલી વિસંગતતાઓ અંગે માહિતી આપે છે. માહિતી આપનાર પોતાનું નામ ગુપ્ત રાખવા વિનંતિ કરે છે. શ્રીમાન ‘એ’ તેને તેવું કરવાની ખાતરી આપે છે. તે ફાઇલમાં પ્રતિપ્રશ્ન મૂકીને મદદનીશ અધિકારીને પરત કરે છે. એક કલાકમાં તેમને મુખ્યમથકથી એ જ ફાઇલ ત્વરાથી મંજુર કરવા આગ્રહ સેવતો 'ક્ષ' ફોન આવે છે. “તમે નવા છો સાહેબ. તમારા મદદનીશની વાત સાંભળવાનું રાખો. એ અમારા સમાજના છે અને અમને વફાદાર છે. તે તમારી પણ સારી સંભાળ લેશે," ફોન કરનાર'ક્ષ' વરવા હાસ્ય સાથે ફોન મૂકી દે છે.

કચેરીના વડાની ફોન પરની વાત પૂરી થયા પછી તરત જ મોઢા પર કૃત્રિમ હાસ્ય સાથે મદદનીશ અધિકારી ચેમ્બરમાં પ્રવેશ કરે છે. તેની પાછળ પાછળ એક સહાયક પ્રિમિયમ આઇસક્રીમના બે કપ લઇ આવે છે. મદદનીશ અધિકારી પોતાના ‘પાલક’ની પ્રસંશાના પુષ્પો વિખેરતાં કહે છે, “સર, શ્રીમાન ‘ક્ષ’ ઉમદા વ્યક્તિ છે અને મદદ કરવા તત્પર રહે છે.” શ્રીમાન ‘ઇ’ મદદનીશ અધિકારી સામે તાકીને જોઇ રહે છે અને ઊંડા શ્વાસ સાથે કશું કરવા સંકલ્પબદ્ધ થાય છે.

શ્રીમાન ‘ઇ’ સામે કઈ કઈ નૈતિક દ્વિધા હતી? તે પોતાની સબળી બાજુને જાહેરહિતમાં શ્રેષ્ઠ રીતે પ્રયોજવા શું શું કરી શકે? ત્રણ કે ચાર વ્યવહારુ સુધારાત્મક પગલાં આપી સમજાવો.

Mr. E, an IT graduate from renown university joins Public Service in his early thirties. He is an honest, intelligent and patriotic youth having strong sense of constitutional morality. He was appointed as the Head of a District level office looking after General Administration.

In a week of his joining the office, he found that many of his colleagues are engaged in unlawful practices like corruption and large scale theft of the minerals such as limestone, sand etc. The Deputy in his office, who belonged to a powerful local community had illicit connections with land and mining mafias. He was extremely permissive and turned a blind eye towards the illegal activities. His predecessor never stayed in the headquarters and was happy with the ‘management skill’ of the deputy.

While Mr. E was deliberating over the situation, he received a call from a whistle blower. The caller gave him information about irregularities in a file for mining license pending for his approval. The caller requested him to keep his identity undisclosed. Mr. E promised him to do so. He put queries and returned the file to the deputy. Just in an hour, he received a call from the headquarters which

upsc2ias.com

Downloaded from upsc2ias.com

insisted on quick approval of the same file. "You are new one sahib. You need to hear your deputy, who is the member of our community and a very loyal man to us. He will take good care of you too", the caller X concluded with a vile laugh.

The deputy comes in wearing a large smile soon after the conversation of the Head. He was followed by assistant carrying two cups of premium ice cream. "Sir, Mr. X is a very noble person and very helpful" the deputy eulogized his patron. Mr. E stares at the deputy and takes a deep sigh of determination.

What are the ethical dilemma before Mr. E? How can he put his own strengths to the best use in public interest? Explain with three or four practical remedial steps.

6. પ્રાગતિક આદર્શો અને સામાજિક-લૈંગિક સમાનતાના ચુસ્ત આગ્રહી એવા કુ. 'ફ' યુવા અનુસ્નાતક છે. તેઓ રમતવીર અને સંવાદ કુશળ હોવાની ઉત્તમ પૃષ્ઠભૂમિ ધરાવે છે. પસંદગી અને તાલીમ બાદ તેઓ રાજ્યના એક અંતરિયાળ જિલ્લાના શિક્ષણ વિભાગની કચેરીના વડા તરીકે જોડાયા છે. તેઓ એક મહિના માટે પોતાના જિલ્લાનો સઘન પ્રવાસ કરે છે અને પોતાના નિરીક્ષણો નોંધતા રહે છે. પોતે મેળવેલ માહિતીને સુયોગ્ય રીતે ગોઠવીને તેનું વિશ્લેષણ કરે છે અને સાથીઓ જોડેની બેઠકમાં ચર્ચા કરે છે. લૈંગિક અસમાનતા અંગેના તેઓનાં નિરીક્ષણ નીચે પ્રમાણે છે;

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 25

(a) શાળામાં પ્રવેશ નોંધણી અંગેની લૈંગિક અસમાનતા મહદંશે ઘટાડી દેવામાં આવી છે પરંતુ ઉચ્ચતર અભ્યાસમાં ડ્રોપ આઉટ રેટની બાબતમાં લૈંગિક અસમાનતા હજુયે ચિંતાનો વિષય છે.

(b) વિજ્ઞાન અને ટેકનોલોજીને હજુયે પુરુષોનો વિષય ગણવામાં આવે છે અને કન્યાઓને વિનયન અથવા બહુ બહુ તો વાણિજ્ય ભણવા માટે કહેવામાં આવે છે.

(c) મેદાની રમતો અને એન.સી.સી. જેવી પ્રવૃત્તિઓમાં કન્યાઓની હિસ્સેદારી તરફ ઉપેક્ષા કરવામાં આવે છે અને સફાઇ અભિયાન કે સુશોભન તેમને અનુકૂળ હોવાની માન્યતા પ્રવર્તે છે.

(d) વર્ગના મોનિટર તરીકે મોટેભાગે કુમારોને પસંદ કરવામાં આવે છે.

(e) કોઇ કર્મચારી બહેન આગળ નીકળવાનો પ્રયાસ કરે છે તો સાથીઓ દ્વારા તેમની 'અતિ આધુનિક' કે 'વધુ પડતા બોલ્ડ' જેવાં ઉપનામો સાથે પીઠ પાછળ નિંદા કરવાની માનસિકતા જોવા મળે છે.

તેઓ આ વિષયે પોતાના સાથીઓને મુક્ત મને ચર્ચા કરવાની છૂટ આપે છે. ત્યારબાદ આ અંગે વધુ બહોળા વર્ગ સાથે સંવાદ કરવામાં આવે છે. જિલ્લા અને તાલુકાની ટીમ આ

upsc2ias.com

Downloaded from upsc2ias.com

સમસ્યાઓ અને લૈંગિક અસમાનતાને પડકાર તરીકે ઝીલી લેવા કટિબદ્ધ થાય છે. ઘણી નવી પહેલ કરવામાં આવે છે અને જીલ્લાના વાર્ષિક લૈંગિક સમાનતા અહેવાલને રાજ્યના સત્તાવાળાઓ 'નવી રાહ ચિંધનાર' કહીને વધાવી લે છે.

ઉપર નોંધેલી સમસ્યાઓના મૂળમાં રહેલા ક્યા કારણો હોવાનું તમે માનો છો? અહીં હિતધારકો કોણ કોણ છે અને સમસ્યાઓના નિરાકરણ માટે ક્યાં કયાં સંભવિત પગલાંઓ લેવામાં આવ્યાં હશે? કુ. 'ફ'ની સફળતા માટે તેના વ્યક્તિત્વની ત્રણ-ચાર વિશેષતા કહી શકો?

Ms. F is a young post graduate with progressive ideology and strong commitment for social and gender equality. She possesses excellent background as an athlete and debater. She joins as a District head of the department of Education in a remote area of the State after recruitment and training. She conducts extensive tours of her District and keeps recording her observations for a month. She collates and analyses the data and presents them in the meeting of her colleagues. Her observations on Gender inequality are as under;

a. The gender gap in the registration of eligible students is nullified but the gender gap in the dropout rate at the higher education was still a concerning issue.

b. Science and Technology was believed to be a 'Male' subject and girls were prompted to take Arts or at the most, Commerce.

c. Participation of girls in outdoor sports and NCC etc. was generally discouraged while *safai abhiyan* and decoration were considered suitable to them.

d. The class monitors were generally selected from the boys.

e. There is a tendency among colleagues of tagging someone as "too forward" or "too bold" and backbiting in case a woman aspires to lead.

She allows an open discussion on these issues among her colleagues. This was followed by a debate at a larger audience. The District and Block teams agree to challenge these issues and gender inequality in general. Several initiatives were taken and the annual gender report of the district was appreciated by the State authorities as a 'Path Breaker'.

What do you think about the causes of the issues delineated above? Who do you think were the stakeholders and what could be the probable interventions for the same? Could you list three-four traits of Ms. F that earned success for her?

upsc2ias.com
Downloaded from upsc2ias.com

7. "ગુડ મોર્નિંગ સાહેબ, અમે અમારા છાપાના મુખપૃષ્ઠ પર આપની તસ્વીર સાથે પ્રશંસા-વાર્તા છાપી છે. હું નકલ મોકલું છું", સવાર સવારમાં આવી ગયેલા એક ફોન દ્વારા ધ્યાન કરી રહેલા શ્રીમાન 'ગ'ને ખલેલ પડે છે. તે સંવાદ જલદી પૂરો કરવા ઇચ્છતા હતા પણ ફોન કરનારને વધુ કહેવું હતું, "સાહેબ, અમારી કને કેટલાક સોશિયલ મીડિયા ચેનલો પણ છે" અને પછી તે ઉષ્માભર્યા નિમંત્રણ સાથે પૂરું કરે છે, "સાહેબ, મારા મિત્રનું સુંદર રિસોર્ટ છે, ત્યાં કોઇ વીક એન્ડમાં ઉજવણી કરીએ." આ અનપેક્ષિત મહેમાનગતિને શ્રીમાન 'ગ' ઠંડો અને ઉપેક્ષાભર્યો પ્રતિભાવ આપે છે. તે એક પ્રાંતની વહીવટી ટીમના વડા તરીકે તાજા જ નિમાયા હતા અને આ વર્તમાનપત્રે કોઇ સંદર્ભ વિના પ્રશંસાના પુષ્પો વરસાવ્યાં હતાં.

શ્રીમાન 'ગ' અત્યંત વ્યવસાયનિષ્ઠ જનસેવક છે, જે દરેક નાગરિકોની રજૂઆતને ખુલ્લા મને સાંભળે છે અને દરેક સમસ્યાને એક જનસેવાની તક માને છે. સ્વચ્છતા અભિયાનના સંદર્ભમાં તેમને જાહેર માધ્યમોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો. જે વ્યક્તિએ તેને સવારે ફોન કરેલો તેણે હંમેશ મુજબ ખૂબ વખાણ કર્યા પરંતુ બીજા કેટલાક લોકોએ રસ્તા, સ્ટ્રીટ લાઇટ અને ગટર વ્યવસ્થા અંગે તીખી રજુઆતો કરી. સંવાદ ઉગ્ર બનતો ગયો પણ શ્રીમાન 'ગ'એ ધીરજપૂર્વક સંભાળી લીધું. તેણે વાસ્તવિક પરિસ્થિતિના મૂલ્યાંકન અને સમસ્યાઓના નિરાકરણ માટેની વ્યવસ્થા ગોઠવવા માટે ખાતરી આપી.

તેણે નાગરિકોની સમસ્યાઓની નોંધણી અને કાર્યવાહી પર દેખરેખ માટે એક નાગરિક કેન્દ્રી મોબાઇલ એપ દાખલ કરી. આ એપના લીધે માત્ર છ મહિનામાં નાગરિક સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો. શ્રીમાન 'ગ' મૂક રીતે જનસેવાને સુદૃઢ કરવાનું કાર્ય કરતા રહે છે. એક વર્ષ પછી તેમની બીજા સ્થળે બદલી થાય છે અને તેના માનમાં વિદાય સમારોહ યોજાય છે. જેમાં તેને ઘણા પ્રસન્ન ચહેરા જોવા મળ્યા, સિવાય કે પેલી વ્યક્તિ જેણે ફાર્મ હાઉસ પર આવવાનું નિમંત્રણ આપ્યું હતું!

તમને આ કેસ સ્ટડીમાં ક્યા ક્યા નૈતિક મુદ્દા જોવા મળ્યા? શ્રીમાન 'ગ' એ નિદર્શિત કરેલી જનસેવકની આવશ્યક લાક્ષણિકતાઓ દર્શાવો. પોતાના અનુગામી જુનિયરને મીડિયા સાથેના સંબંધોમાં 'શું કરવું' અને શું ન કરવું' અંગે શ્રીમાન 'ગ'એ આપેલી સલાહ અંગે તમે સૂચવશો?

"Good morning Sir! We have published a hallowing story with your photographs on front page in our newspaper. I am sending a copy to you", a call distracted Mr. G in his morning meditation. He was keen to conclude the dialogue but the man had more to say. "Sahib, we have a few social media channels at our command as well." He concluded with a warm invite, "Sahib, my friend has a nice resort. Let us celebrate on some weekend." Mr. G's response to this unexpected hospitality was cold and indifferent. He had just taken over as the Head of a Sub-Divisional Administrative team and he was praised by the evening news bulletin, out of context though.

upsc2ias.com

Downloaded from upsc2ias.com

Mr. G was a highly professional public servant who candidly listened to the grievances and took every challenge as an opportunity to serve people. He had an opportunity to interact with media persons on the Sanitation Campaign. The man who had called him on that morning was, as usual, extremely sycophantic whereas some were very critical of the maintenance of road, street light and sewage. The debate grew hot but Mr. G patiently handled it. He promised to conduct a reality check and strengthen the system of redressing the grievances.

He developed a citizen centric mobile app based system for uploading the grievances and monitoring of the action taken. The app resulted into marked improvement in Civic services just in six months. Mr. G silently went on to reinforce the systems. Eventually, after a year Mr. G is transferred to another city and a farewell party was organized to felicitate him. He found on that day many happy faces, except the man who invited at the farm house!

What are the ethical issues you find herein? List the essential characteristics for a civil servant demonstrated by Mr. G. Can you suggest DOs and DON'Ts on media engagement by a civil servant as an advice by the departing officer to his junior incumbent?

8. "મારી રજા મંજૂર કરી આપશો મેડમ?" એક કચેરી સહાયક 'ય' એ દિલગીરીભર્યા સાદે વિનંતિ કરી. "તમે વારંવાર રજા કેમ લો છો?" કુ. 'હ' તેમના વારંવાર રજા માંગતા રહેતા કર્મચારીથી નારાજ હતાં. "મેડમ, એમને જવા દો, અમે સંભાળી લઇશું", બીજા વરિષ્ઠ સહાયકે સહાનુભૂતિભરી ભલામણ કરી.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 25 |

કુ. 'હ' મહિલાઓના કલ્યાણ માટેની કચેરીના વડા છે. કચેરીમાં કાર્યપદ્ધતિ અને ફરજપાલન માટેના ચુસ્ત આગ્રહી તરીકે તેઓ જાણીતાં હતાં. આમ છતાં પેલા સહાયકની આંખમાં તેમણે એવું કશુંક ભાળ્યું કે તેમણે રજા મંજૂર કરી. તેમણે શાંતિથી ભલામણ કરનારા સહાયક સાથે ચર્ચા કરી. તેમણે પહેલાં તો ખચકાટ અનુભવ્યો પણ કુમારી 'હ'ના આગ્રહને લીધે તેમણે ખુલીને વાત કરી.

તેમણે જણાવ્યું કે સહાયક 'ય' કિશોર વયની ત્રણ પુત્રીઓની જવાબદારી ઉઠાવતા પિતા છે. પારિવારિક સંઘર્ષને લીધે વરસો પહેલાં તેમનાં પત્ની તેમને અને ત્રણ પુત્રીઓને છોડીને ચાલી ગયાં છે અને છૂટાછેડાનો કેસ ફેમિલી કોર્ટમાં પડતર છે. તેમનાં માતાએ થોડો વખત પુત્રીઓની સંભાળ લીધી પણ વૃદ્ધ માતાના મૃત્યુ બાદ પુત્રીઓની સઘળી જવાબદારી તેમના માથે આવી ગઇ છે.

Downloaded from upsc2ias.com

"ઝઘડાનું કારણ શું હતું? મને તો એ વ્યક્તિ ઘણી શાંત લાગે છે!" કુ. 'હ'એ પૂછ્યું. "એ ખરું છે, મેડમ. મેં ક્યારેય ઘરમાં તેમનો ઊંચો અવાજ સાંભળ્યો નથી." જાણકાર પડોશીએ ઉત્તર વાળ્યો. 'તો પછી મામલો શું હતો?" તેમની જિજ્ઞાસા વધી. ભલા સહાયકે જણાવ્યું કે જુનિયરનાં પત્નીએ આપેલ સતત ત્રીજી પુત્રી-જન્મનો મુદ્દો હતો. સહાયક 'ય'નાં માતાએ તેમનાં પત્નીને સતત માનસિક યાતના આપી અને અંતે પરિવાર તૂટી ગયો. બન્ને બાજુએ હવે જીદ પકડી લીધી છે અને કઠણ બરફ તોડવો અઘરો બની ગયો છે!

"અરે ! આ ખરેખર દુ:ખદ કહેવાય. આપણે કશુંક કરવું જોઇએ", કચેરીના વડાના અવાજની ભીનાશ સહાયક માટે વિસ્મયકારક હતી! બીજા દિવસે કુ. 'હ' પેલા ભલા સહાયક સાથે મિશન પર લાગી ગયાં. એક તૂટેલા પરિવારને જોડવામાં તેઓ સફળ થયાં.

કેવી ભાવના દ્વારા પ્રેરાઇને તેમણે પોતાના સાથીના અંગત જીવનમાં રસ લીધો હશે? તે તર્ક અને ન્યાય સંગત હતું કે? તેઓએ શું શું કર્યું હશે અને તેનું પરિણામ શું આવ્યું હશે? આ ઘટનાની સાથીઓના મનમાં કુ. 'હ'ની છબી અને તેમના ફરજ પ્રત્યેના અભિગમ પર શી અસર પડી હશે?

"Would you please sanction my leave Madam?" requested an office assistant 'Y' in apologetic way. "Why do you take leave so often?" Ms. H was annoyed with this frequent leave seeking employee. "Let him go Madam, we will manage" recommended a sympathetic senior assistant.

Ms. H is head of an office for welfare of women. She was known for strict compliance of the official procedures and duties. However, there was something in the eyes of the assistant that made her sanction the leave. She discussed at ease with the other assistant who'd recommended. He was hesitant at first but her persuasion made him speak candidly.

He revealed that Mr. 'Y' was a father raising three young daughters. His wife had left him and the children years ago due to family disputes and the divorce case was pending in family court. The daughters were cared by his mother for some time, but after the demise of the old mother, he was sole care-taker of the children.

"What was the dispute? I find the man quite sober!" Ms. H continued the dialogue with the kindhearted assistant. The assistant replied, "True madam. I have never heard him raising his voice at home", replied the informed neighbor. "Then what was the issue?" her curiosity grew further. The noble assistant informed her that the third consecutive girl child born to his wife was the issue. The mother of 'Y'

upsc2ias.com

Downloaded from upsc2ias.com

kept mentally torturing her and at last, the family was broken. Both sides were adamant and the ice is too tough to break now!

"Oh, that is indeed very sad. We ought to do something!" the wet voice of the boss was a surprise for the man. Next day, Ms. H was on her mission with the assistant. She succeeds in bridging a broken family.

What made Ms. H to take interest in the personal affair of her employee? Is it justified? What could be her course of action and the output? What could be the impact of this event on the image of Ms. H in the minds of the colleagues and their attitude towards duty?

ભાગ-2 Part-2

નીચેના પ્રશ્નોના ઉત્તરો આશરે 150 શબ્દોમાં મુદ્દાસર અને વિશ્લેષણાત્મક રીતે આપો. દરેક પ્રશ્નના 10 ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તરો લખવા ફરજિયાત છે.

Answer the following questions in precise and analytical manner in approximately 150 words. Each question carries maximum 10 marks. It is compulsory to write answers of all questions.

9. વિધાન સમજાવો- "મારું જીવન મારો સંદેશ છે" એ મૂલ્યવર્ધન કરતા નેતૃત્વ માટેનો અમોઘ મંત્ર છે.

Explain: "My life is my message" is an infallible Mantra for the Value adding leadership.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

10. "સાધનની શુદ્ધિ સાધ્યને યોગ્ય ઠેરવે છે" અથવા "સાધ્યની સિદ્ધિ સાધનને યોગ્ય ઠેરવે છે." આ બે વિકલ્પો પૈકી આપ ક્યું વિધાન પસંદ કરશો? શા માટે?

Which one would you pick up out of the two- "The Means justify the End" or "The End justifies the Means"? Why?

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

11. "પારદર્શકતા અને ઉત્તરદાયિત્વ નામના બે આધારસ્થંભો પર પ્રશાસનની યોગ્યતા ટકી રહેલી છે." વિધાન સમજાવો અને આ બે આધારસ્થંભોને બળવત્તર બનાવવાના સાધનોની ચર્ચા કરો.

"The credibility of the Governance rests on the two pillars- Transparency and Accountability" - illustrate and suggest the means to strengthen the pillars.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Downloaded from upsc2ias.com

12. "યુવાસ્યાત્સાધુ: યુવાધ્યાયક: આશિષ્ઠો દ્રઢિષ્ઠો બલિષ્ઠ:" (યુવા ભલા, અભ્યાસુ, શિસ્તબદ્ધ અને તન-મનથી બળવાન હોવા જોઇએ) સૂત્રના સંદર્ભમાં એક જનસેવક તરીકે તમે તમારી જાતની પાત્રતા અંગે શું કહી શકો છો?

**How do you rate your fitness for public service in terms of *"Yuvasyatsadhu yuvadhyaayak ashishtho drudhishtho balishtha* (The youth ought to be noble, studious, disciplined with strong will and physique)?**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

13. "સફળ અને સાર્થક જનસેવા માટે મનસા-વાચા-કર્મણા (વિચાર-વાણી-કર્મ)ની સુસંગતતા અનિવાર્ય છે." વિધાન સાથે આપ સંમત છો? શા માટે?

**Do you agree with the statement - "Consistency in terms of *Manasa-Vacha-Karmana* (Thoughts-Speech-Action) is essential for a successful and worthy public service"? Why?**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com